RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 113 Date: 14.02.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# દિલ્હીની સરહદો પર ભારે બબાલ : ખેડૂતોને રોકવા માટે ટીયર ગેસના સેલ



નવીદિલ્હી,તા.૧૩

ખેડૂત આંદોલનને લઈને ફરી એકવાર દિલ્હીને ઘેરવાની ખેડૂતોએ તૈયારી કરી લીધી છે. પંજાબ-હરિયાણાની સાથે અન્ય ઘણા રાજ્યોના ખેડૂતો દિલ્હી કૂચ કરવાની તૈયારી કરી રહ્યા છે. જો કે, ખેડૂતોએ તેનું નામ 'ચલો દિલ્હી માર્ચ' રાખ્યું છે, પરંતુ તેને કિસાન આંદોલન ૨.૦ પણ કહેવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં આ ખેડૂતોના આંદોલનની પેટર્ન ૨૦૨૦-૨૦૨૧ના ખેડૂતોના આંદોલન જેવી જ છે. ગત વખતની જેમ આ આંદોલનમાં પણ વિવિધ રાજ્યોના ખેડૂતો જોડાઈ રહ્યા છે. ખેડૂત આંદોલનને ધ્યાનમાં રાખીને દિલ્હી અને હરિયાણામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. દિલ્હીની ત્રણ મુખ્ય સરહદો સિંઘુ, ટિકરી અને ગાઝીપુર પર લોખંડ અને કોંક્રીટના બેરિકેડ લગાવવામાં આવ્યા છે. કાંટાળા તાર, કન્ટેનર અને ડમ્પરો લગાવીને રસ્તાઓ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં સુરક્ષાના કારણોસર દિલ્હીના બે મેટ્રો સ્ટેશનના દરવાજા પણ બંધ કરી દેવામાં આવ્યા છે. તેમજ દિલ્હી-નોઈડાના સરહદી વિસ્તારોની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.ખેડૂત આંદોલનને લઈને સોમવારે ચંદીગઢમાં ત્રણ કેન્દ્રીય મંત્રીઓ અને ખેડૂત નેતાઓ વચ્ચે એક મહત્વપૂર્ણ બીજા રાઉન્ડની બેઠક યોજાઈ હતી. સૂત્રોનું કહેવું છે કે આ બેઠકમાં ઘણા મુદ્દાઓ પર સહમતિ સધાઈ હોવાનું માનવામાં આવતું હતું. પરંતુ કેટલાક મહત્વના મુદ્દા અનિર્ણિત રહેતા ખેડૂતોએ ૨૫૦૦ ટ્રેક્ટર સાથે દિલ્હીને ઘેરવાની તૈયારીઓ કરી હતી ખેડૂતો આજે સવારે ૧૦ વાગે દિલ્હી તરફ કૂચ કરી હતી

જો કે શંભુ બોર્ડર પર પોલીસ પર પથ્થરમારો કરાયો હતો. જો કે સૂત્રોના જણાવ્યા અનુસાર તેઓ ખેડૂતો નથી. ખેડૂતોની આડમાં કેટલાક તોફાની તત્વો ભીડમાં ઘુસી ગયા છે અને વાતાવરણ બગાડી રહ્યા છે. જો કે હાલ શંભુ બોર્ડર પર સ્થિતિ તંગ બની ગઇ હતી ખેડૂતોને રોકવા માટે પોલીસે હળવો બળ પ્રયોગ કર્યો છે. શંભુ બોર્ડર પર એકઠા થયેલા ખેડૂતોને વિખરાઈ જવા પોલીસે વારંવાર અપીલ કરી હતી. પરંતુ પોલીસની અપીલને ના ગણકારીને ખેડૂતો મોટી સંખ્યામાં શંભુ બોર્ડર પર એકઠા થયા હતા. ખેડૂતોની દિલ્હી કૂચને અટકાવવા માટે પોલીસે બેરીકેડ મુક્યા હતા પરંતુ તેની કોઈ અસર વર્તાઈ નહોતી. આથી પોલીસે આખરે ટીયર ગેસના સેલ છોડીને એકઠા થયેલા ખેડૂતોને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. હરિયાણા પંજાબ શંભુ બોર્ડર પર ડ્રોનની મદદથી ખેડૂતોને વેર વિખેર કરવા માટે પોલીસે ટીયર ગેસના સેલ છોડયા હતાં શંભુ બોર્ડર પર પોલીસ પર પથ્થરમારો કરાયો હતો. જો કે સૂત્રોના જણાવ્યા અનુસાર તેઓ ખેડૂતો નથી. ખેડૂતોની આડમાં કેટલાક તોફાની તત્વો ભીડમાં ઘુસી ગયા છે અને વાતાવરણ બગાડી ગયું હતું

આ પ્રદર્શનને જોતા દિલ્હી બોર્ડરને સીલ કરવામાં આવી છે. ભારે સંખ્યામાં પોલીસકર્મીઓની તૈનાતી કરાઈ છે. ખેડૂતો જ્યાંથી આવી શકે તે તમામ એન્ટ્રી પોઈન્ટ પર ચુસ્ત સુરક્ષા કરાઈ છે. સિંધુ બોર્ડર, ગાઝીપુર, ટિકરી, ચિલ્લા બોર્ડર, કાલિંદી કૂંજ-ડીએનડી-નોઈડા બોર્ડર પર ભીડ ભેગી થવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો દિલ્હી, યુપી અને હરિયાણાની પોલીસે સુરક્ષા વધારી દીધી છે. આ એન્ટ્રી પોઈન્ટ પર રોડ રોલર, ક્રેન, જેસીબી, અને કાંટાળા તાર મૂકાયા છે. ખેડૂતોની એન્ટ્રી રોકવા માટે દિલ્હી પોલીસની સાથે સાથે ભારે સંખ્યામાં અર્ધસૈનિક દળોની તૈનાતી કરાઈ છે. પોલીસે નક્કી કર્યું છે કે કોઈ પણ સંજોગોમાં ખેડૂતોને ટ્રેક્ટર બસ અને બીજા વાહનોથી દિલ્હીમાં ઘૂસવા દેવામાં નહીં આવે. દિલ્હી સરકારે કહ્યું છે કે ખેડૂતોની માંગ વાજબી છે. દરેક નાગરિકને બંધારણ હેઠળ શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાનો અધિકાર છે. ખેડૂતો આ દેશના અન્નદાતા છે. અન્નદાતાને જેલમાં ધકેલી દેવાની વાત ખોટી છે. બવાના સ્ટેડિયમને જેલમાં પરિવર્તિત કરવાની પરવાનગી આપી શકાય નહીં. દિલ્હીની તમામ સરહદો પર સુરક્ષા કડક કરી દેવામાં આવી છે અને બેરિકેડ લગાવવામાં આવ્યા છે. જેના કારણે દિલ્હીની સરહદો પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે અને લોકો કેટલાય કલાકો સુધી ટ્રાફિક જામમાં અટવાઈ પડ્યા છે. ડીએનડી અને ચિલ્લા બોર્ડર પર ઘણા કિલોમીટર લાંબો જામ છે. ગુરુગ્રામમાં પણ લોકો ટ્રાફિક જામમાં અટવાયા છે.ખેડૂતોની જીદ જોતા દિલ્હી પોલીસે સુરક્ષા કારણોસર લાલ કિલ્લો બંધ કરવાનો નિર્ણય લીધો છે. લાલ કિલ્લાના મેઈન ગેટ પર અનેક લેયરની બેરિકેડિંગ કરાઈ છે. ગેટ પર બસ, ટ્રક ઊભી રાખવામાં આવ્યા છે. જેના કારણે કોઈ ગાડી અંદર દાખલ થઈ શકે નહીં.

ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરે તે પહેલા ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે કહ્યું, 'અમે સરકાર પર વિશ્વાસ કર્યો અને ૫ કલાક સુધી બેઠકમાં હાજર રહ્યા. ભારતના બે રાજ્યો પંજાબ અને હરિયાણા આંતરરાષ્ટ્રીય સરહદો બની ગઈ છે. ખેડૂતોને તેમના પાસપોર્ટ રદ કરવાની ધમકી આપવામાં આવી રહી છે. મીટિંગમાં બેઠા હતા ત્યારે અમારા ટ્વિટર હેન્ડલ બંધ થઈ ગયા હતા. સરકાર અમને ફસાવી રાખવા માંગે છે. સરકારે અમારા માટે ખીલા લગાવ્યા છે. અમે અનાજ ઉગાડીએ છીએ. અમારું આંદોલન શાંતિપૂર્ણ છે. સરકાર ગોળી ચલાવશે, છતાં અમારું આંદોલન શાંતિપૂર્ણ રહેશે. અમારી માંગણીઓ એમએસપી છે.

## ખેડૂત આંદોલનની અસર શરુ, દિલ્હી-NCRમાં ટ્રાફિક જામ, રસ્તા પર લાગી વાહનોની લાંબી કતાર



ટેકાના ભાવ માટે કાયદો ઘડવો તેમજ ખેડૂતોના દેવા માફ કરવા સહિતની ૧૦થી વધુ માગણીઓ સાથે ખેડૂતો દ્વારા દિલ્હીમાં ફરી આંદોલન શરૂ થવા જઇ રહ્યું છે. પંજાબ, હરિયાણા અને અન્ય રાજ્યોના ખેડૂતો દિલ્હી તરફ આગળ વધી રહ્યા છે અને આજે આ ખેડૂતો દિલ્હી પહોંચી શકે છે. જેને પગલે દિલ્હી અને હરિયાણામાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. ત્યારે ટ્રાફિક પ્રતિબંધને કારણે દિલ્હી-એનસીઆરમાં લોકોને જામની સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક રસ્તાઓ પર વાહનો ધીરે ધીરે ચાલતા જોવા મળી રહ્યા છે.ખેડૂત આંદોલનના પગલે ગૌતમ બુદ્ધ નગર પોલીસે ટ્રાફિક એડવાઈઝરી પણ જારી કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હી સાથે જોડતી તમામ સરહદો પર બેરિકેડ લગાવીને સઘન ચેકિંગ અભિયાન ચલાવવામાં આવશે. આ ઉપરાંત હેલ્પલાઈન નંબર પણ જારી કરવામાં આવ્યા છે. દિલ્હીના અનેક માર્ગો પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. ટ્રાફિક પ્રતિબંધોને કારણે દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ, ફરીદાબાદ સહિતના ઘણાં શહેરોમાં લોકોને ટ્રાફિક જામનો સામનો કરવો પડી રહ્યો છે.

હરિયાણા જવા માટે ૪ રૂટ

- ડાબર ચોક – મોહન નગર – ગાઝિયાબાદ – હાપુર રોડ – જીટી રોડ – દિલ્હી મેરઠ એક્સપ્રેસવે – ડાસના – ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે થઈને મુસાફરી કરી શકાય છે.
- લોની – પૂજા પાવી – પંચલોક – મંડોલા – મસૂરી – ખેકરા (૨૯ કિમી) ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે દ્વારા ઈન્દ્રપુરી પહોંચી શકાય છે.
- દિલ્હી દેહરાદૂન એક્સપ્રેસવેની સર્વિસ લેનમાંથી પંચલોક – મંડોલા-મસૂરી – પૂજા પાવીથી ઠેકડા ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે પણ એક વિકલ્પ હોઈ શકે છે.
- દિલ્હી દેહરાદૂન એક્સપ્રેસવે થઈને મંડોલા – મસૂરી – ખેકરા – ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે થઈને ટ્રોનિકા સિટીના માર્ગે જઈ શકાય છે.

## દિલ્હી સહિત અનેક રાજ્યોમાં વરસાદ આગાહી, હવામાન વિભાગનો લેટેસ્ટ વેધર રિપોર્ટ જાહેર



ભારતીય હવામાન વિભાગ (સ્ઠ)એ દેશના કેટલાક ભાગોમાં વરસાદની આગાહી કરી છે જેમાં ૧૩-૧૫ ફેબ્રુઆરી દરમિયાન પૂર્વ મધ્ય પ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઓડિશામાં ૧૪ અને ૧૫ ફેબ્રુઆરીએ, દક્ષિણ-પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને દક્ષિણ-પૂર્વ ઉત્તર પ્રદેશમાં ૧૩-૧૫ ફેબ્રુઆરીએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત આજે પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને ઉત્તરાખંડમાં કરા પડવાની શક્યતા છે. બીજી તરફ આજે દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ રહેશે. જો કે કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ મુજબ પશ્ચિમી વિક્ષેપને કારણે, ૧૭ અને ૧૮ ફેબ્રુઆરીએ પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં છૂટાછવાયા વરસાદ અથવા હિમવર્ષાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હિમાચલ પ્રદેશના વિવિધ ક્ષેત્રોમાં ઠંડીનું જોર યથાવત છે. જ્યારે, પૂર્વ મધ્ય પ્રદેશ, વિદર્ભ, મરાઠવાડા, ઓડિશા અને છત્તીસગઢમાં જુદા જુદા સ્થળોએ કરા પડ્યા હતા. આ ઉપરાંત પૂર્વ મધ્ય પ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ અને મરાઠવાડા, તેલંગાણા, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થયો છે. ઉત્તરીય મેદાનોના મોટાભાગના વિસ્તારોમાં લઘુતમ તાપમાન ૭થી ૧૨ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે છે. ઉત્તર-પશ્ચિમ ભારતના ઘણા ભાગોમાં આ તાપમાન સામાન્ય કરતાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસ ઓછું છે.

### ખેડૂતોને કેજરીવાલ સરકારનું સમર્થન

## ખેડૂતોની માંગણીઓ કાયદેસર છે અને દરેક નાગરિકને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અધિકાર છે

નવીદિલ્હી,તા.૧૩

પંજાબ-હરિયાણાથી દિલ્હી તરફ કૂચ કરી રહેલા ખેડૂતોને અરવિંદ કેજરીવાલ સરકારનું સમર્થન મળ્યું છે. વિરોધ કરવા દિલ્હી આવી રહેલા ખેડૂતોને લઈને કેજરીવાલ સરકારે કહ્યું કે, ખેડૂતોની માંગણીઓ વાજબી છે અને તેમને જેલમાં ધકેલી દેવાની વાત ખોટી છે. એટલું જ નહીં ખેડૂતોના આંદોલનને કારણે દિલ્હી સરકારે બવાના સ્ટેડિયમને અસ્થાયી જેલ બનાવવાના કેન્દ્ર સરકારના પ્રસ્તાવને ફગાવી દીધો હતો. જણાવી દઈએ કે પંજાબ, હરિયાણા અને પશ્ચિમ યુપીના ખેડૂતો આજે એટલે કે મંગળવારે તેમની 'દિલ્હી ચલો' કૂચ શરૂ કરી દીધી છે. તેને જોતા સરહદો પર મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. દિલ્હીમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. દિલ્હી-ગુરુગ્રામ બોર્ડર પર લાંબો જામ જોવા મળી રહ્યો છે.

ખેડૂતોના આંદોલન પર દિલ્હીની કેજરીવાલ સરકારે કહ્યું કે, 'ખેડૂતોની માંગણીઓ કાયદેસર છે અને દરેક નાગરિકને બંધારણ હેઠળ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અધિકાર છે. ખેડૂતો આ દેશના અન્નદાતા છે અને અન્ન પ્રદાતાઓને જેલમાં ધકેલી દેવાની વાત ખોટી છે. બવાના સ્ટેડિયમને જેલ બનાવવાની મંજુરી ન આપી શકાય. જણાવી દઈએ કે, દેશની રાજધાની દિલ્હીમાં પડોશી રાજ્યોના ખેડૂતો પોતાના ટ્રેક્ટર-ટ્રોલી સાથે દિલ્હી પહોંચી રહ્યા છે. ખેડૂતોના આંદોલનને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હીને અડીને આવેલી ઘણી સરહદો સીલ કરી દેવામાં આવી છે. ઘણા રાજ્યોના ખેડૂતોએ મંગળવાર, ૧૩ ફેબ્રુઆરીએ તેમની 'દિલ્હી ચલો' કૂચ શરૂ કરી છે. ખેડૂતો ટૂંક સમયમાં દિલ્હી પહોંચી જશે. દિલ્હી-ગુરુગ્રામ બોર્ડર પર લાંબો જામ છે.

## પ્રેમિકાને તેના માતા-પિતાની મરજી મુજબ લગ્ન કરવાની સલાહ આપવી એ ગુનો નથી : સુપ્રીમ



સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે બ્રેકઅપ પછી પ્રેમીકાને તેના માતા-પિતાની ઈચ્છા મુજબ લગ્ન કરવાની સલાહ આપવી એ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નથી. પોતાની પ્રેમીકાને આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપમાંથી એક યુવકને નિર્દોષ જાહેર કરતી વખતે સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી છે.જસ્ટિસ વિક્રમનાથ અને કે.વી. વિશ્વનાથનની ખંડપીઠે જણાવ્યું હતું કે માત્ર સાથી/મિત્રને માતા-પિતાની સલાહ પર લગ્ન કરવાની સલાહ આપવી એ આત્મહત્યા માટે ઉશ્કેરવાના ગુના સમાન નથી. ખંડપીઠે વધુમાં જણાવ્યું હતું કે કલમ ૩૦૬ હેઠળ ગુનો નોંધાયો નથી. ખંડપીઠે આરોપો અને કાયદાને ધ્યાનમાં લીધા બાદ કહ્યું હતું કે અપીલકર્તાની કોઈ સક્રિય ભૂમિકા નથી. આત્મહત્યા માટે ઉશ્કેરવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ કૃત્યો હોવા જોઈએ. આ મામલામાં જ્યારે છોકરાના પરિવારજનોએ કન્યાની શોધ શરૂ કરી ત્યારે પીડિત છોકરી નારાજ થઈ ગઈ અને તેણે આત્મહત્યા કરી હતી. આ પછી પોલીસે યુવક સામે આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપમાં આઈપીસીની કલમ ૩૦૬ હેઠળ કેસ નોંધ્યો હતો.

## અમેરિકાના સંરક્ષણ પ્રધાન ફરીથી હોસ્પિટલમાં દાખલ

વોશિંગ્ટન : પ્રોસ્ટેટ કેન્સરમાંથી રિકવર થઇ રહેલા અમેરિકાના સંરક્ષણ પ્રધાન લોયડ ઓસ્ટિનને મૂત્રાશયમાં સમસ્યા સંબધિત લક્ષણોને કારણે ફરીથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેમ અમેરિકાના સંરક્ષણ મંત્રાલય પેન્ટાગોને આ માહિતી આપી છે. ઓસ્ટિન હોસ્પિટલમાં દાખલ થયા પછી તેમની જવાબદારી તેમના ડેપ્યુટીને સોંપવામાં આવી છે. ડિસેમ્બરમાં ઓસ્ટીનને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમની સારવાર ચાલી રહી છે અને તેઓ આરોગ્ય સંબધી અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે.ઓસ્ટિનને રવિવારની બપોરે ૨.૩૦ વાગ્યે વોલ્ટર રીડ નેશનલ મિલિટ્રી મેડિકલ સેન્ટરમાં ક્રિટિકલ કેર યુનિટમાં ટ્રાન્સરફર કરવામાં આવ્યા છે.સોશિયલ મીડિયા એક્સ પર પેન્ટાગનના પ્રેસ સચિવ મેજર જનરલ પેટ રાઈડરે જણાવ્યું હતું કે સંરક્ષણ પ્રધાન લોયડ જે ઓસ્ટિનને સુરક્ષા દળોની સાથે વોલ્ટર રીડ નેશનલ મિલિટ્રી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. તે હાલમાં હોસ્પિટલમાં જ છે અને તેમની સારવાર ચાલી રહી છે. આ વખતે હોસ્પિટલમાં દાખલ થતા પહેલા લોયડ જે ઓસ્ટિને પોતાનો ચાર્જ અમેરિકાના નાયબ સંરક્ષણ પ્રધાન કેથલીન હિક્સને સોંપી દીધો છે. વોલ્ટર રીડ નેશનલ મિલિટ્રી મેડિકલ સેન્ટરના અધિકારીઓના જણાવ્યા અનુસાર સર્પોટિવ કેર અને મોનિટરિંગ માટે ઓસ્ટિનને ક્રિટિકલ કેર યુનિટમાં દાખલ કરવામાં આવ્યા છે.

## તંત્રી લેખ......

# ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ખતરા સામે તૈયારી કરવાનો સમય

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જાહેર આરોગ્ય સંભાળ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નો ઉપયોગ કરવામાં સાવધાની રાખવાની હાકલ કરી છે. ત્યારે ભારતીય રાજ્યોની પૃષ્ઠભૂમિ, તેની ઘણી ભાષાઓ, રંગો, સંસ્કૃતિઓ અને પરંપરાઓ સાથે આ ખતરો વધુ અસમાનતા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને વધુ બાકાત કરી શકે છે, જે આજીવિકા, તકો, સુખાકારી અને જીવનના સંદર્ભમાં ઊંચા ખર્ચમાં નાખી શકે છે. તાજેતરમાં જ્યોફ્રી હિન્ટન (કૃત્રિમ બુદ્ધિમત્તાના પ્રણેતા), એલોન મસ્ક (ટેસ્લાના સહ-સ્થાપક અને સીઈઓ), ઈમાદ મોસ્તાક (બ્રિટિશ નિષ્ણાત), કેથી ઓ'નીલ (અમેરિકન ગણિતશાસ્ત્રી, ડેટા સાયન્ટિસ્ટ અને લેખક), સ્ટુઅર્ટ જે. રસેલ (બ્રિટિશ કમ્પ્યુટર સાયન્ટિસ્ટ), સહિત ટેક્નોલોજી નેતાઓ, સંશોધકો અને નિષ્ણાતો દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિરુદ્ધ આપવામાં આવતી ચેતવણીઓમાં વધારો થયો છે. પરંતુ ભારતમાં નીતિ આયોગની રિસ્પોન્સિબલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટેની ખતરા માટે ઓછા અવાજો આવ્યા છે; કેટલાક જર્નલ પેપર્સ અને લેખો તોળાઈ રહેલા જોખમોની ચેતવણી આપે છે. આ યાદીમાં નામ ઉમેરવા માટે ભારતે એ સમજવાની જરૂર છે કે હવે ધ્યાન આપવાનો અને તૈયારી કરવાનો સમય આવી ગયો છે. પ્રવચન, વિચાર-વિમર્શની જરૂર છે. ડાયસ્ટોપિયન વિશ્વની શક્યતા જ્યાં મશીનો મનુષ્યોને વટાવી જાય છે તે વધુ દૂરસ્થ સંભવિત ખતરો છે, જેની સંભાવનાને વધુ ચર્ચા અને વિચાર-વિમર્શની જરૂર છે.

એલ્ગોરિધમ્સ અને કૃત્રિમ બુદ્ધિમત્તા જે વધુ તાત્કાલિક ખતરો ઉભી કરે છે તે પૂર્વગ્રહોને વધુ મજબૂત કરવા, પ્રતિનિધિત્વને ઓછો કરવા અને વિવિધતાને તુચ્છ બનાવવાનો છે.

# 'ગજબનું ગુજરાન'

"અખો અને વખો "

હાજુપુર ગામમાં સુથાર પરિવારમાં બે ભાઈઓ હતા. એકનું નામ અખો અને બીજાનું નામ વખો.

અખો સરકારી શાળામાં શિક્ષકની નોકરી કરતો હતો.

વખાને નોકરી કે વ્યવસાય કરવો નહોતો એટલે ઘરકામમાં બાને મદદ કરતો. એમની નાની બહેન ખુશ્બુ ધોરણ દસમાં ભણતી. બાપુજી વકીલ અને લેખક હતા.

બા અને બાપુજી સાથે બેસીને રોજ ભજનકીર્તન, પૂજાપાઠ કરતાં.
બા હંમેશાં જૂની વાતો યાદ કરતી અને વખાને કહેતી.
''તારા બાપુજી બહુ મહેનત કરીને આખા પરિવારનું ગુજરાન કરતા અને સાદગીભર્યુ જીવન જીવતા. એ સમય બહુ સારો હતો. શેર જેટલું કમાયને શેર જેટલું વાપરતાં તોય કોઈને ઓછું નહોતું પડતું. મહિને પગાર થાય એટલે કરિયાણું અને એક નવી વસ્તુ આવતી. એમાંથી પણ પૈસા બચાવીને નાનામોટા પ્રસંગો ધામધૂમથી ઉજવતાં. એ સમયે સૌ એક ગામથી બીજા ગામ ચાલીને જતાં. ભૂખ લાગે ત્યારે ખાવા ભાથું સાથે રાખતાં. પાંચ રૂપિયા વાપરતાં વિચાર કરતાં. શાકભાજી પણ અનાજ આપીને લેતાં ને આમ અમે પૈસાની બચત કરતાં.''

વખો જવાબ આપતા બોલ્યો,
''બા એ સમયમાં પગાર ઓછા હતાં અને પરિવાર મોટો હતો. કમાનાર એક એટલે બચત કરવી જ પડે. એ સમયે ઘરનું ઘી, દૂધ, અનાજ ખાતાં. હવે બહારથી લાવીને ખાઈએ છીએ, એટલો ફરક છે. અત્યારે સરકારી નોકરીમાં પગાર વધારે હોય સાથે મોંઘવારી પણ એટલી જ હોય.''

"તારો ભાઈ અખો કમાય છે એટલે તને ખબર નથી પડતી વખા.''

બાની વાત સાંભળી વખાને મનમાં લાગી આવ્યું. વખો ઘરમાં રહીને કેવી રીતે કમાવું એ વિચારવા લાગ્યો. વખાને ઘરમાં જૂની વસ્તુઓ શોધતા એક સૂટકેસ મળી. એમાં બાપુજીએ લખેલી વાર્તાના પુસ્તક હતાં. એમાં એક પુસ્તક હતું જેનું




નામ હતું 'ગજબનું ગુજરાન.'

હજુ તો વખો પુસ્તક ખોલે એ પહેલાં બાપુજી આવી ગયા ને પૂછવા લાગ્યા,

''શું કરે છે વખા, કેમ મારી સૂટકેસ ખોલી, કંઈ કામ હતું?''

વખાએ જવાબ આપ્યો. ''ના ના બાપુજી. આ તો એમ જ ખોલી સૂટકેસ.''

''સૂટકેસ બંધ કર ને મને ચાવી આપી દે.'' બાપુજીએ કહ્યું.
વખાએ બાપુજીને જાણ ન થાય એમ પુસ્તક બહાર રાખીને સૂટકેસ બંધ કરીને ચાવી આપી દીધી. ત્યાં બાએ સૌને જમવા બોલાવ્યા. વખો જમવા બેઠો, પણ ધ્યાન તો પેલા પુસ્તકમાં જ હતું.
વખો ઝડપથી જમીને રૂમમાં ગયો ને પુસ્તક વાંચવા હાથમાં લીધું. પુસ્તકમાં બાપુજીનો ફોટો જોયો. ધોતિયામાં બાપુજી સરસ લાગતા હતા.
બાપુજીએ પુસ્તકમાં લખ્યું હતું કે,
'ગજબનું ગુજરાન' એટલે 'સાદગીનું જીવન' જેમકે કપડાં, ખોરાક, રહેઠાણ પર ક્યારેય બહુ ખર્ચ ના કરવો. જે આપણી પાસે હોય એમાં ખુશ રહેવું. આપણી મિલકત ઓછી હોય ત્યારે અને મિલકત વધે ત્યારે પણ જે પહેલાં જીવતાં હતાં એવું જીવન જ જીવવું. ખોટા દેખાડા કરવા જોઈએ નહીં.'

આ તો હજુ શીર્ષક વિશેની સમજ હતી. વાર્તા હવે શરૂ થતી હતી.
'એકવાર ભલાકાકાએ મનુને ચંપલ સંધાવવા ગામના મોચી પાસે મોકલ્યો. મોચી પાસે પહેલેથી ઘણાં ચંપલ સાંધવાના બાકી હતાં છતાંય ભલાકાકાનું ચંપલ તરત જ સાંધી આપ્યું એની મનુને નવાઈ લાગતા કારણ પુછ્યું.
મોચીએ સાલસતાથી જવાબ આપ્યો,
''ભલાકાકાએ ચંપલના તળિયા ઘસી નાખ્યાં છે. નવાં લેવાના બદલે આ ચંપલ વારંવાર સાંધવા આપે છે. જેથી અમારે કમાવવા ગામની બહાર જવું ના પડે. એમનું જોઈને ગામનાં લોકો પણ ચંપલ સંધાવા બહાર નથી જતા. એમ અમારું જીવન ગુજરાન ચાલ્યા કરે. પરિવારની જીવન જરૂરિયાત પૂરી પાડનાર એ ભલાકાકા પોતે પણ સામાન્ય ને મધ્યમ વર્ગના માણસ છે. જાણે ધરતી પર અમારા માટે ભગવાન સ્વરૂપે જન્મ લીધો ના હોય !

''ભલાકાકા પોતે લાકડાં વેચીને 'ગજબનું ગુજરાન' ચલાવતા. ઘરનું અને ગામનું કામ કરવા માટે ખડેપગે હાજર રહેતા. ગામમાં કામ માટે રૂપિયા એકઠા કરી એકબીજાને મદદ કરતા.. ગામમાં સૌના માટે ભલાના ભગવાન એટલે ભલાકાકા. ભલાકાકા બેઠા છે એની સૌને હાશ ને આશ..''

મોચીની આ વાત સાંભળીને મનુ ભલાકાકા પાસે ચંપલ લઈને પહોંચ્યો ત્યાં ભલાકાકાને જમીન પર ઢળેલા જોઈને એ બાપુજીના નામની બૂમ પાડીને રોવા લાગ્યો. ગામનાં લોકો ભેગા થઈ ગયા મોચીકાકા વૈદને બોલાવા ગયા. વૈદ આવે તે પહેલાં.ભલાકાકાનું અકાળે અવસાન થઈ ગયું.

આખા ગામના લોકો વલોપાત કરવા લાગ્યાં. ભલાકાકાનાના અંતિમ સંસ્કાર કરી મોચીકાકાએ મનુને શહેરમાં ભણવા મૂક્યો.

મનુ વકીલનું ભણીને આવ્યો ત્યારે મોચીકાકા મૃત્યુ પામ્યા હતા.

મનુએ પણ બાપુજીની જેમ સાદગીભર્યું જીવન જીવવાનું પસંદ કર્યુ.

'ગજબનું ગુજરાન' વાંચતાં વખાનો ક્યાંય સમય પસાર થઈ ગયો.

વાર્તા પૂરી થતાં વખો બાપુજીને મળ્યો ને બોલ્યો,

''હું તમારા અને દાદાજી જેવું જીવન જીવવા માગું છું, બાપુજી."

''તું શું કહેવા માંગે છે, તારે શું કરવું છે, વખા?''

''બાપુજી, મેં તમારી સૂટકેસમાં મૂકેલું પુસ્તક વાંચ્યું. તમે તમારા

# NOG સાહિત્ય સરિતા ગ્રુપ. વેલેન્ટાઇન ડે,વસંત પંચમી

**NOG.ss No. 213**
વિષય :- પ્રેમની અભિવ્યક્તિ
પ્રકાર :- પદ્ય
શીર્ષક :- ''નયનોની પાંપણ પર''
શબ્દો :- ૨૮૦.
રચનાકાર : કવિશ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જૂનાગઢ.

ક્વ્ચીત આ નયનોની પાંપણ પર ભાર લાગે છે,
રેશમી રૂમાલનો હૃદય પર જ્યારે માર લાગે છે.

આંખોના છલક્તા જામને ઢોળીને તમે ઊભા રહો,
ત્યારે વસ્ત્રો કોરા રહે છે ને હૃદયપર દાગ લાગે છે.

ક્વ્ચીત આ હાથની રેખાઓનો સાર લાગે છે,
નસીબને વાંચવાનો અમારો મિજાજ લાગે છે.

હિના ભરેલ હાથ ફેલાવી તમે ઊભા રહો ત્યારે,
આ અંગડાઈમાં પણ મદ ભરેલ પ્યાર લાગે છે.

ક્વ્ચીત આ ખુશ્બો ભરેલ ફુલોનો બાગ લાગે છે,
અમારા નસીબમાં તો કંટકો નો હાર લાગે છે.

ખુશ્બો ફેલાવતા તમે ગુલશનમાં આવો છો ત્યારે,
પર્ણ પાછળ પુષ્પો સંતાઈ, તે શર્માળ લાગે છે.

ક્વ્ચીત તમારી નજરની અમને પ્યાસ લાગે છે,
ખુદા ! આ પ્રેમિઓને એકરાર કરતાં વાર લાગે છે.

તમારી નજરમાં અમારો પ્રેમ છલકાય છે ત્યારે,
આ મસ્તીભર્યા મયખાના પણ સ્મશાન લાગે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No :194**
વિષય : પ્રેમની અભિવ્યક્તિ
શીર્ષક : પ્રેમની અભિવ્યક્તિ
પ્રકાર : પદ્ય , શબ્દ : ૮૮
નામ : ખ્યાતિ જીગર દેસાઈ.અમદાવાદ

"પ્રેમ ની અભિવ્યક્તિ માટે તરસતું હોય છે દરેકનું મન,
વ્યક્ત થઈ શકે જ્યાં લાગણી મુક્ત પણે, શોધવું જીવનમા અવશ્ય એવું એક જન.

સંગત એની ભરે જીવનમાં ગુલાબી ક્ષણો નો સુવાસિત રંગ,
પ્રણયની સુરભી કરતી પુલકિત, ભરતી જીવનમાં વસંત.

વસ્તુઓની ભરમાર કરતા, લાગણીસભર પ્રત્યેક દરકાર રાખતી સંબંધને જીવંત,
ક્ષ્રૃદ્દી એં.. થીય અગત્યનું બને છે,પહોંચી ફોન કરજે,સાચવજે, કે પછી એનો એક સ્પર્શ.

સમજણની સાખે સમજવી પડે છે,એની સ્નેહની અભિવ્યક્તિ,છોડી અહંમનો તંત,
લાગણીની રજુઆત અવશ્ય કરવી અને સ્વીકારવી ,કેમકે!ખબર નથી ક્યારે છે આપણા જીવનનો અંત."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : પ્રેમની અભિવ્યક્તિ
શીર્ષક : શું કરું!?
શબ્દો : ૬૩
લેખક/કવિ : શૈલેષ ભોઈ ★શૈલ★

શું કરું !?

બરબાદીએ કરેલ, સવારનું શું કરું!?
નસીબના કાળા, શણગારનું શું કરું !?

પાંથરે જે અન્યના, ઉરમાં અજવાળું,
એના આયખામાં સ્થિત, અંધારનું શું કરું!?

લઈ છૂટ્યો હું એને, સાત સમંદર પાર,
કિનારેજ ડુબાવ્યો, તો મજધારનું શું કરું!?

ઘણી મળી નામના, કામના, પ્રશસ્તિ તોયે,
ભાગ્યમાં પડી ભૂલ, તલભારનું શું કરું!?

આપવા ચાહું જેને, હું ફૂલ સમુ હૈયું,
"શૈલ" મોઢે રાખેલી, તલવારનું શું કરું!?

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષય : પ્રેમની અભિવ્યક્તિ
શીર્ષકઃ પ્રેમની પરીભાષા
પ્રકારઃ પદ્ય
શબ્દ સંખ્યાઃ ૧૪૦

દરેક પળમાં પ્રેમ દરેક ક્ષણમાં ખુશી,
ખોઈ બેસો તો યાદ જીવી લો તો જિંદગી.!

સાત ફેરા ફરીને ખાલી શરીર પર જ હક મળે, દિલ પર હક મેળવવા પ્રેમ જ કરવો પડે.!

પહેલો પ્રેમ સાચે જ બહુ યાદગાર હોય,
ના તો એ મળે છે ના તો એ ભુલાય.!

પ્રેમ દેખાય નહીં સ્વાદ જરૂર આપે,
પ્રેમમાં બંધન નહીં મુક્તિ આપતા શીખવે.!

વ્યક્તિ જેવું છે એવું સ્વીકારી લે તે પ્રેમ, અનુકૂળ થઈ પોતાની જાતને બદલે તે પ્રેમ.!

પ્રેમને રંગ રૂપના નહીં લાગણીના ફુલો ખીલે, કોઈપણ ઉંમરે કોઈ પણ ના હૃદયમાં ખીલે.!

પ્રેમ એ નથી તમે દુનિયાને બતાવો છો,
પ્રેમ એ છે કે તમે કેટલો નિભાવો છો.!

પ્રેમમાં શબ્દો નહીં આંખો જ શબ્દ બની જાય,
પ્રેમમાં ધરારપણુ નહીં મીઠી જીદ જ હોય.!

પ્રેમ સાચો હોય તો સમય પણ રોકાઈ જાય, આકાશ લાખ ઊંચું હોય તો પણ ઝૂકી જાય.!

'પ્રેમ' ક્યારેક થોડું નમવું પડે ક્યારેક કોઈને ગમવું પડે,
હૃદયમાં સ્થાન બનાવવા ડૂબકી લગાવી સ્પર્શવું પડે.!

- પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: *N. O. G. S. S, . No. 0102*.**
★વિષયઃ- પ્રેમની અભિવ્યક્તિ.★
★ ★શીર્ષકઃ- વેલેન્ટાઈન ડે અને વસંત પંચમી★.★
★ ★પ્રકારઃ- ગદ્ય લેખ★.
★શબ્દ સંખ્યાઃ-૨૫૫★
★લેખકનું નામઃ- રતીલાલ વાયડા★
★રચના★:-

આજે ૧૪મી ફેબ્રુઆરી બુધવાર એટલે કે વસંત પંચમી અને વેલેન્ટાઈન ડે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રેમની અભિવ્યક્તિનો દિવસ. ઘણા વર્ષો પછી આ બંને દિવસનો સુભગ સમન્વય થયો છે.

વસંત પંચમી એટલે વસંત ઋતુને મનાવવાનો દિવસ. ભગવાન શંકરની સમાધિ ભંગ કરવા માટે કામદેવે વસંતઋતુની સહાયતા લીધી હતી અને સમાધિ ભંગ થયા પછી કામદેવનો ભગવાન શંકરે દહન કર્યું હતું. તેની પત્ની રતિએ વિલાપ કર્યો. પતિને પાછા મેળવવા માટે અને ભગવાને વચન આપ્યું તે સર્વ પ્રાણીઓના દેહની અંદર અદેહે કામ વ્યાપ્ત રહેશે અને ત્રેતા યુગમાં ભગવાન શ્રીકૃષ્ણના પૌત્ર પ્રદ્યુમનની સાથે તારા લગ્ન થશે.

વસંત ઋતુમાં પુષ્પોની ભરમાર હોય છે. રંગબેરંગી મેઘ ધનુષ્યના રંગના અનેક પ્રકારના સુગંધિત પુષ્પો . કોયલ અને બીજા પંખીઓનો કલરવ. તમામ પ્રાણીઓને આનંદની અભિવ્યક્તિ. આ વસંત ઋતુના દિવસે આપણે પણ માતા સરસ્વતી દેવીની પૂજા અર્ચના કરીએ છીએ. ભગવાનને બોર ,શેરડી અને શીતલભોગનો ભોગ કરવામાં આવે છે . વસંત ઋતુની લોકો એકબીજાને પ્રેમની અભિવ્યક્તિ રૂપે શુભેચ્છા પાઠવે છે ભેટો મોકલાવે છે અને આનંદ કરે છે,

પાશ્ચાત્ય દેશોમાં સંત વેલેન્ટાઈનની યાદમાં વેલેન્ટાઈન દિવસ ઉજવવામાં આવે છે .આ એ પ્રેમની અભિવ્યક્તિનો દિવસ છે. દરેક વ્યક્તિ પોતાનો બીજા તરફ પ્રેમ અભિવ્યક્ત કરવા માટે જુદા જુદા પ્રકારના સાધનોનો પ્રયોગ કરે છે ,ખાસ કરીને લાલ રંગના વસ્ત્રો. લાલ ગુલાબ .લાલ વસ્તુની ભેટો મીઠાઈ ચોકલેટો અને પોતાના મનને ગમે તેવી સામાપાત્રને ભેટો આપે છે .શુભેચ્છા પાઠવે છે અને પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરે છે . આ પ્રેમ એ ફક્ત પ્રેમીઓ જ નહીં પરંતુ જેને તમે હૃદયથી ચાહો છો તેના તરફ પ્રેમની અભિવ્યક્તિનો સમાવેશ થાય છે. વેલેન્ટાઈન ડે અને વસંત પંચમી આખા જગતમાં વર્ષોથી ઉજવવામાં આવે છે. પ્રેમની અભિવ્યક્તિ કરી જગતને પ્રેમનો સંદેશો આપે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0: 001**
પ્રકાર : ગદ્ય
શીર્ષક : પ્રેમની અભિવ્યક્તિ અને વસંત પંચમી
વિષય : પ્રેમની અભિવ્યક્તિ

સમુદ્ર માં જેમ વિશાળ મહાકાય વિકરાળ રૂપ ધારણ કરી મોજાઓ ઉછળે અને ધીમે ધીમે કિનારે આવતા સામાન્ય વમળો થકી શાંત બની જાય તેમ લાગણીઓ,પ્રેમની અભિવ્યક્તિ નું પણ પરસ્પર કંઈક આવું જ હોય..જેટલો સમય વિકરાળ સમુદ્ર ના મોજાઓ ને શાંત પડતા થાય તેટલો જ સમય આ ઉભરાતા પ્રેમ નો હોઈ શકે.જેને કોઈ ઉંમર બાધ નથી..રહી વાત દશ્ય,અદ્રશ્ય પ્રેમની અને રહી વાત પ્રેમ ને અભિવ્યક્ત કરવાની નીતિ રિતીની..કે જે પશુ,પક્ષીઓ,ફૂલોની મોસમ ને પણ લાગુ પડે..વિદેશો માં પાષ્યાત સંસ્કૃતિ મા સંત વેલેન્ટાઈન ના નામે આ પ્રેમની અભિવ્યક્તિ ઉજવાય છે..જ્યારે આજકાલ ના યુવાઓ માં " વેલેન્ટાઈન ડે " એટલે એકબીજા ના હાથ માં એક પ્રેમની અભિવ્યક્તિ પરસ્પર સુંદર સુશોભિત ટેગ બાંધીને,ગુલાબ પરસ્પર સ્મિત સાથે આપીને વ્યક્ત થાય છે અને ક્યારેક આઈ લવ યુ શબ્દો પણ પરસ્પર કહીને વ્યક્ત કરતા જોવા મળે છે...ઘણા બધા સાહિત્યકારો એ પ્રેમની અભિવ્યક્તિ ને જુદા જુદા શબ્દો માં આબેહૂબ વર્ણન કર્યા છે..આવો આપણે પણ ગ્રુપ ના સૌ પરસ્પર આવા જ સંબંધો ની લાગણીઓ પ્રસરાવી શબ્દોથી રચના રૂપી જાળવણી કરીયે....જોગાનુજોગ ભગવાન શંકર ની પણ ધ્યાન મુદ્રા માં તેમને ખલેલ પહોચાડવા આ વસંત ઋતુ નો સહારો લીધો હતો જેને લઈને પણ વસંત પંચમી ક્યાંક તો પાટોત્સવ રૂપે પણ ઉજવાય છે અને તેને વણ જોયું
આભાર - નિહારીકા રવિયા મુહર્ત તરીકે પણ જોવામાં આવે છે અને અનેક શુભ પ્રસંગો પણ થાય છે..આમ વેલેન્ટાઈન ડે સાથે વસંત પંચમી ની સૌ ને શુભેચ્છાઓ.....

સંચાલક : પ્રદીપ રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- ''પ્રેમની અભિવ્યક્તિ"
શિર્ષક :- દેવેન્દ્રનો પ્રેમભાવ
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૧૨૦
નામ :- દેવેન્દ્ર આચાર્ય

'મા'ના હાલરડાંમાં છે પ્રેમની અભિવ્યક્તિ.
'બેની'ના રક્ષાબંધનમાં છે પ્રેમની અભિવ્યક્તિ.
મારાથી શ્રેષ્ઠ થાય પુત્ર એ છે 'પિતા'ના પ્રેમની અભિવ્યક્તિ.
મુસીબતમાં મદદ છે 'ભાઈ'ની પ્રેમ અભિવ્યક્તિ.
'ભાભી'ના ભાવ જાય ભીંજવી એ છે પ્રેમની અભિવ્યક્તિ.
ઉદાસીમાં હસાવી જાય 'દોસ્તો' એ છે પ્રેમની અભિવ્યક્તિ.
સરહદે 'જવાન'ની શહીદી છે પ્રેમની અભિવ્યક્તિ.
'ગુરુ'થી સવાયા બને શિષ્યો એ છે પ્રેમની અભિવ્યક્તિ.
'ખંડિત' વિભાગો નહિ, અખંડ વહે છે પ્રેમની અભિવ્યક્તિ.
'મીરાં-રાધા' પામી જાય એ છે પ્રેમની અભિવ્યક્તિ.
પધારે 'રામ' શબરી દ્વારે એ છે પ્રેમની અભિવ્યક્તિ.
'નરેન્દ્ર' બને વિવેકાનંદ એ છે પ્રેમની અભિવ્યક્તિ.
'સ્વ'થી સર્વસ્વ પમાડી જાય એ છે પ્રેમની અભિવ્યક્તિ.
'આત્મા'ને પરમાત્મા મળી જાય એ છે પ્રેમની અભિવ્યક્તિ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:227**
વિષય : પ્રેમ ની અભિવ્યક્તિ
શીર્ષક : "પ્રેમ"
પ્રકાર : પદ્ય
શબ્દ સંખ્યા : ૬૮
જીંદગી આખી જીવાય ને અક્ષર માત્ર બે,
કહ્યા વગર સમજાઈ જાય એજ છે પ્રેમ .
કહેવાય હોય છે આંધળો પ્રેમ, છતાંય ,
એને સમજવા ફેરવવા પડે નેણ .
વિવિધ સંબંધો ને વિવિધતા ભર્યો પ્રેમ,
સાચવો તો હેમ ન સાચવો તો ઝેર .
વિચાર, વાણી, વર્તનમાં રાખો સ્નેહ,
જીંદગી બની જશે સુવર્ણ મહેલ.
જીવનભર સાથ નિભાવવાના વેણ,
સાતફેરા માં રચાયેલો છે પ્રેમ .
તારીખ ૧૪ ને ફેબ્રુઆરી મનાવે જનમેદ,
હેપ્પી વેલેનટાઈન કહી વરસાવે હેત.
જીંદગી આખી જીવાય ને અક્ષર માત્ર બે,
કહ્યા વગર સમજાઈ જાય એજ છે પ્રેમ.
સેજલ પટેલ(સેજસ્મી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :- પ્રેમની અભિવ્યક્તિ
શિર્ષક :- ધર્મ અને કર્મ એ જ પ્રેમનો મર્મ
પ્રકાર :- ગધ - શબ્દ :- ૨૬૭
નામ :- હસમુખ બી . પટેલ 'હર્ષ'- 'પરખ'

પ્રેમ ગણિતની ભાષામાં અવ્યાખ્યાયિત શબ્દ છે. ઈતિહાસ કહે છે કે પ્રેમ ઝનૂ અને યુધ્ધ છે, વિજ્ઞાન સાબિતી આપે છે કે પ્રેમ એ તમામ રોગની દવા છે. ભાષ કહે છે પ્રેમ સંવેદનાની અનુભૂતિનો સાક્ષાત્કાર છે. ભૂગોળ પ્રેમને સરહદોન સીમા ઓળંગી વરસાવે છે. નાગરિકશાસ્ત્ર પ્રેમને એકતાનો પર્યાય ગણાવે છે કોમર્સમાં પ્રેમ એટલે જીવનનું એક એવું એકાઉન્ટ જેમાં માત્ર નફો જ છે. આર્ટસ કહે છે પ્રેમ એટલે ગઝલ, શાયરી, કવિતાનું દર્દીલ સાહિત્ય. તો પછી ખરેખ પ્રેમની અભિવ્યક્તિ શું ?

ધર્મને અનુસરો એ પ્રેમ છે, સાચું કર્મ કરો એ પ્રેમ છે, સંસ્કૃતિ અને સંસ્કાર ઉજાગર કરો એ જ પ્રેમની અભિવ્યકિત છે. પશુ, પક્ષી અને પ્રાણીઓની રક્ષા કર / સાચવો / સંભાળો એ પ્રેમ છે. અબોલ જીવોની આંખોમાં આનંદ વાંચી શકો અ પ્રેમનો ' હર્ષ' છે. બીજા માણસને માનવ બની સાચવો એ જ પ્રેમની 'પરખ' છે સ્નેહની સરવાણી પ્રગટાવી સંતુલિત સમાજમાં ઐક્ય પ્રગટાવો એ પણ પ્રેમન અભિવ્યકિત જ છે. સિધ્ધહસ્ત કલમ થકી સમાજમાં સાહિત્ય થક સંસ્કારસિંચનની આહલેક જગાવો એ કેટલી વિશાળ અભિવ્યકિત પ્રેમની. બ વિજાતીય પાત્રો મળે, હળે, ભળે, ફળે અને રળે એ પ્રેમગીતની શરુઆતની પંક્તિ માત્ર છે; પણ પ્રેમગીત મહાકાવ્ય તો ધર્મ થકી સાત્વિક કર્મના આલેખન દ્વારા જ સંભવી શકે. દેશ માટે બલિદાન આપવું એ પ્રેમની ઉદાત્ત અભિવ્યકિત અન આવા બલિદાનોને આપણે યાદ કરવા, એમના કુટુંબીજનો માટે કંઈક પ્રદા કરવું, શહીદ દિવસોને આપણી સંસ્કૃતિ મુજબ જીવવા એ જ પ્રેમની અભિવ્યક્તિ સતત ભગવાન સ્મરણ, રાષ્ટ્રપ્રેમ, માભોમ માટે સતત જાનફેસાની કરતા વીરો દેશની માટીના મોંઘેરા મહાવીરો - આ બધું સતત કરીએ એને સૌને કરવા પ્રેરીઅ એ જ પ્રેમની 'પરખ', પ્રેમના 'હર્ષ'ની સાચી અભિવ્યકિત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:221**
વિષયઃ પ્રેમની અભિવ્યક્તિ
શીર્ષકઃ મન હજું માનતું નથી.
પ્રકારઃ પદ્ય, શબ્દોઃ ૭૯
રચનાકારઃ કનુ. પ્રણામી "કીર્તિ".

તમારા સ્પર્શથી જ આ દિલ ધબકતું રહે છે,
ને ભર સ્વપ્નમાં નામ તમારું બબડતુ રહે છે.

હસી ગયા'તા થોડુંક ને વસી ગયા'તા દિલમાં,
તમારો એ દીદાર કરવા મનડું ભટકતું રહે છે.

એ રઢીયાળી રાત હજુ યાદ છે મને સજની,
ઉષ્માભર્યા સહવાસ કાજ મન ટળવળતુ રહે છે.

તમારી લહેરાતી ઝુલ્ફોમાં હસતું સુંદર મુખડું,
તમારા અધરોને ચુમતુ શમણું ઝળહળતું રહે છે.

છટકીને ક્યાંક ચાલી ગયા ને લખતો રહ્યો "કીર્તિ",
મનડું હજું માનતું નથી કે અમારા વગર તું રહે છે.
કનુ. પ્રણામી."કીર્તિ".

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

***NOG S.S. NO 219***
★વિષય: પ્રેમની અભિવ્યક્તિ★
★પ્રકાર : પદ્ય★

★શીર્ષક :- ભેટ★

અનોખી આજ દિલને લગ્ન ની ભેટ આપી દઉં,
કબુલે તો કોઈ એના જ મનની ભેટ આપી દઉં.
છે,હાજર પુષ્પકળીઓ પણ છે,સુરજ ચાંદ,તારા પર
ધરાની ન ગમે તો કો'ક ગગન ની ભેટ આપી દઉં .
વિયોગ જે 'આંખો' છલકાઈને નદીઓ વહાવે છે,
કહે તો ઉભય ગંગા –જમનાની ભેટ આપી દઉં .
કદી એકાંતમાં કઈ વાંચવાનો શોખ જાણે તો,
લખેલા લોહીથી મારા કવનની ભેટ આપી દઉં.
મળે તો આંસુનું મોતી ચોરી , ખુશી અધર સાચવવા ,
'આંખો' ના પ્રેમ – રંગ માટે કફનની ભેટ આપી દઉં.

- નયના જે. સોલંકી.આંખો.સુરત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 173.**
પ્રકાર - પદ્ય
શબ્દ - ૧૯૯.
" પ્રેમ ની અભિવ્યક્તિ"
તારીખ - ૧૩/૨/૨૦૨૪.

શ્વાસમાં વિશ્વાસ જ્યાં ભેળો મળે એ પ્રેમ છે,
આશનો અવકાશ જ્યાં પણ શૂન્ય છે એ પ્રેમ છે.
હક, અપેક્ષા, શક, અહમ્ નાં પંકની વચ્ચેથી કોઈ,
પદ્મ સમ નિર્મળ અગર ખીલી શકે એ પ્રેમ છે.
બેકરારી વસ્લમાં, પીડા વિરહમાં કત્લની,
એટલું સમજી શકો કે કેમ છે એ પ્રેમ છે.
'તું નથી' ની વાસ્તવિકતા કષ્ટ દેતી બંધ થઈ,
શ્વાસમાં, ઉચ્છવાસમાં બસ, તું વહે એ પ્રેમ છે.
બાદબાકી તારી, તારા સ્પર્શ, યાદો, સાથની,
શેષ મારામાં પછી જે પણ બચે એ પ્રેમ છે.
શબ્દ થઈ મુજ શ્વાસમાં બસ તું સદા વહ્યા કરે
આ ગઝલ શબ્દો નથી કંઈ, આ જે છે એ પ્રેમ છે.
રાત આખી બેકરાર થઈ મને ડંસતી રહે,
ને સવારે શબ્દ થઈ ચૂમે મને એ પ્રેમ છે.
-ડો. દક્ષા જોશી'' નિર્ઝરા''

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 173**
પ્રકાર : ગદ્ય
શબ્દ: ૩૩૫
વિષય: પ્રેમ ની અભિવ્યક્તિ
તારીખ: ૧૩/૦૨/૨૦૨૪.
હું મુંઝાઈ જાઉં છું, કઈ રીતે અભિવ્યક્ત કરવું?? થઈ જશે જ અભિવ્યક્તિ સાર્થક, એ મને મારા પ્રેમ પર વિશ્વાસ.? પ્રેમ તો ત્રણેય કર્યો રુકિમણી, રાધા અને મીરાએ. આ દરેકને પ્રાપ્તિનું પ્રમાણ અલગ અલગ રીતે મળ્યુ. મળ્યું તો ખરું. કોઈને તે પ્રમાણે હોદ્દો મળ્યો કોઈને એક કે વધુ મુલાકાતો મળી. વાતો કરવાનો મોકો મળ્યો તો કોઈને ઝેર ના પારખા માંથી પાર ઉતાર્યા પ્રિયતમે, અંતે પોતાનામાં સમાવી લીધા. છેલ્લે દરેકને મળ્યું તો ખરું. અભિવ્યક્ત કરવા મને હજુ મોકો મળે તો કહું " તેરા મુજસે હૈ પહેલા કા નાતા કોઈ.." હું હજુ કહું , મારા પ્રિયા, મારા હૈયામાં હજુ પણ તારો મુકામ છે. મને પણ અવ્યક્ત મુકામ આપ. ગૌરવ સાથે ખુશ્બુ આપીશ. ના પામીને પણ પામીશ અને હું દૂરથી ખુશ્બુ માણીશ. અભિવ્યક્તિમાં ખાતરી આપીશ કે હું દૂરથી પણ તને ચાહીશ. કરીશ અને તારા માટે સદા દુઆ કરીશ. કદાચ જાહેરમાં નહીં પણ મનથી અને પરમાત્માની સમીપ સાખે એવું વચન આપું છું કે ઈજ્જત બચાવીશ, મારા એ પ્રિયા ની. ઝીબ્રા ક્રોસિંગ વગર પણ? અઘરા રસ્તાઓમાં હાથ પકડીને ચાલીશ .? પણ ઘણા ને અભિવ્યક્ત કરવાનો મોકો પણ મળતો નથી. મળ્યા પછી પણ હૈયાં ની હેત સરીતા માં વહેતી હોડી ને પરાણે કાગળની હોડી બનાવી ડુબવા દેવી પડે છે. એ ગીત પણ આધાર બને છે "હમને દેખી હે ઉન આંખો કી મહેકતી ખુશ્બુ " બસ હું તેને જ કહું છું. થોડા માં ઘણું.અમુક અરમાન સપના અને અભિવ્યક્તિમાં કહીશ કે "ઝિલમિલ સિતારો કા સાવન હોગા, રીમઝીમ બરસતા આંગન હોગા. " અભિવ્યક્તિ માં હું કહીશ, " કઈ સદીઓ સે કઈ જન્મો સે, તેરે પ્યાર કો તરસે મેરા મન. " અભિવ્યક્તિ કરેલો પ્રેમ ને કદાચ બીજો મોકો મળશે . હકીકતમાં વ્યક્તિનો મને નહીં મળે તો પણ મનના મુકામ મળી ગયો છે તેમ હું સમજુ છું . તે મારી આજ પણ તાકાત છે. અને હું કહીશ, હું પહેલા પણ પ્રેમ કરતો હતો , અત્યારે પણ પ્રેમ કરું છું અને જન્મો જન્મ પ્રેમ કરતો રહીશ . તારા ઘરે નોકર બનવા તૈયાર છું અને પગ લુછંણીયુ પણ બનવા તૈયાર છું , ભલે તું મને રોજ કચડે તારા પગ નીચે.? " યે દિલ તુમ? બિન કહી લગતા નહીં, મેં ક્યાં કરું? સરનામા વિનાની આ અભિવ્યક્તિ પહોંચી જશે.
લાગણી: રશ્મિકાંત જે દવે.?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGG SS NO:209**
વિષય : પ્રેમની અભિવ્યક્તિ
શિર્ષક: સ્નેહનું સિંચન
શબ્દો :૧૩૯
પ્રકાર : પદ્ય
લેખિકા: સુધા પુરોહિત

સ્નેહનું સિંચન
ન હોય જીવનમાં સ્નેહ,વિચારો વ્યાપે શૂન્યાવકાશ .
પરસ્પરનાં સ્નેહથી જ ચાલે સારો સંસાર.
નિરંતર વહેતી સરિતા,બને આતુર મળવાં સાગરને
ધરતીનાં દરેક જીવને,હોય લાગણીની તરસ.

પરસ્પરનું ધ્યાન,લાગણીનો છે આ પૂરાવો.
વહેતું જીવન,ધબકારા લાગણીનાં સંભળાય.
ચાતકને વર્ષાની પ્યાસ, સરિતાને સાગરની.
સાગરને અંબરની પ્યાસ,ઉછળતો નિશદિન.

લાગણીનાં સીંચનથી બાળનું કરે જતન માં
ઘડપણમાં 'માં' નું કરે બાળ જતન એજ છે પ્રેમ
બહેન ભાઈને બાંધી રાખડી, કરતી ભાઈનું જતન
ભાઈ બંધાતો સ્નેહનાં તાંતણે,કરે આજીવન રક્ષણ

સ્નેહનાં સિંચનથી,મધુરતાં વ્યાપે જીવનમાં
કિચૂડકિચૂડ ચાલે હિંચકો,તેલનું સિંચન થાય
બન્યો શાંત હિંચકો,થયું તેલનાં સ્નેહનું સિંચન
જડચેતન સૌને સ્નેહની તરસ,ફરતાં નિશદિન

'સુધા' મળે પ્રેમથી સૌને,હોય જડચેતન, કરે જતન
જડમાં ચેતનાં વ્યાપે,આ છે પરસ્પર પૂરાવો સ્નેહનો
અમે સાહિત્યનાં રસિક,સૌ પાંગરીએ ને એકએકનાં સ્નેહથી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 210**
પ્રકાર:- ,પદ્ય -શબ્દો:૭૦
વિષય: પ્રેમની અભિવ્યક્તિ
શીર્ષક: સંબંધ તારો ને મારો
નામ: બ્રિજલ કે. દેસાઈ (સાલેજ, ગણદેવી)
રચના
=====

સબંધ તારો ને મારો,
જાણે જન્મોજન્મ નો સથવારો.
હું ઝળહળતું શબનમ,
તો તું લીલી કૂપણો નો ક્યારો.

સબંધ તારો ને મારો,
જાણે જન્મોજન્મ નો સથવારો.
હું ચંદ્રમાની ચાંદની,
તો તું ચકોર મારો.

સંબંધ તારો ને મારો,
જાણે જન્મોજન્મ નો સથવારો.
હું મોતી ને તુ છીપ,
તારી મહીં વાસ મારો.

સબંધ તારો ને મારો,
જાણે જન્મોજન્મ નો સથવારો
હું છું શરીર, ને તું પ્રાણ મારો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
વિષય : પ્રેમની અભિવ્યક્તિ
શિર્ષક : હાટડી
પ્રકાર : પદ્ય શબ્દો : ૭૩
લેખન : ગ્રીષ્મા પંડ્યા

હૈયાની હાટડીમાં શ્વસુ છું તારું નામ,
નજરથી નજર મળી તો થઈ ગયાં રાધેશ્યામ!

એકબીજાની આંખનાં બન્યા છીએ અસવાર,
હરખની તો ધૂણી ધખાવી દીધાં અંતરનાં દાન!

આંખનું કાજળ ગાલે ધસ્યુ, થયાં હાલ બેહાલ,
કેમ કરીને જાશે લાલી,આ તો ભીતર લાલગુલાલ!

પ્રેમધુન કેરી લાગી લગની, થઈ ગયાં અંતર્ધ્યાન
સૂઝે ના આ ભીની આંખે,ખુલ્યા છે દિલનાં દ્વાર!

રોજ સવારે ખુલ્લી આંખે ઝંખું તારાં જ દીદાર.
ઝંખું તારાં જ દીદાર!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષય:-પ્રેમની અભિવ્યક્તિ"★
★શિર્ષક;-મળી આંખો ઝુકચ્યા નયન★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:- ૬૫★
★નામ:- નરેન્દ્ર ત્રિવેદી★

મળી આંખો ઝુકચ્યા નયન પલકો મહીં સ્નેહ ધરતી
ફર ફર ફરકી પાંપણ તેની શરમને સ્નેહ ભરતી
શબ્દો આવી કંઠે વળતા મૌંન થઈ આંખ મળતી
મુક ભાવે મુગ્ધ નયને દિલની વાત કરતી
કંપે અધરો નયન મરકે અંગુલીઓથી કૈક કહેતી
સુરભી ઉપસતી ગાલ પર ઉષાના રંગ ભરતી
સજીધજીને સૃગારથી અભિસરિકા જેવી દિસતી
અનિમિષ નયને તાકતી નયનથી જવાબ દેતી
પાછી ફરતી ઝુકતાં નયને આંખડી નમી ભરેલી
આંખોથી ફરી ફરી પૂછતી મુલાકાતના ઈજન માટે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153**
વિષય: "પ્રેમ ની અભિવ્યકિત" શીર્ષક:"પ્રેમ". પ્રકાર : ગદ્ય
શબ્દો:૧૬૩ લેખકનું નામ: જિતેન્દ્ર શાહ.
એકબીજાં માં હુદય નાં સ્પર્શ થી સમાઈ જવાં ની ઘેલછા એટલે પ્રેમ,
જેવાં છે તેવાં હાથો-હાથ સ્વીકારવાં ની તૈયારી એટલે પ્રેમ,
સામાવાળા ને આવતા મોડું થાય ને
વારે-ઘડીએ હાથ ઘડીયાળ ને સ્પર્શ્યાં કરે તે પ્રેમ,
જ્યાં સુધી ઘરે નાં આવે ત્યાં સુધી ઘર નાં બારણાં સુધી આંટાફેરા મારો તે પ્રેમ.
તેનો મીઠો છણકો તમને મધ થી મીઠો રણકો લાગે તે પ્રેમ,
તમારાં સારાં સ્વાસ્થ્ય માટે પ્રભું પાસે મણકાં ની માળા ગણે તે પ્રેમ. તમે
મન માં વિચાર્યું હોય તે જ વસ્તું થાળી માં પીરસાય તે પ્રેમ, કોઈ
પ્રિયે નું માન ન જાળવે અને
મગજ માં કાળ ચડે તેનું નામ પ્રેમ,
સુખ અને દુ:ખ માં એકબીજા ની
પડખે ઊભાં રહી સ્પર્શ્યાં કરે તે પ્રેમ,
પ્રિયે નો શોખ પુરો કરતાં થયેલ ખર્ચ માટે ની આવક મેળવવા ની તમારી મહેનત પ્રિયે ને બતાવો નહીં તે પ્રેમ,
સામેવાળો જે ઈચ્છે તે તમારી આપવાં ની
તૈયારી એટલે હુદય સ્પર્શી પ્રેમ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.: 177**
વિષય: પ્રેમ ની અભિવ્યક્તિ
પ્રકાર: પદ્ય
શીર્ષક: બસ આટલું કરજો
લેખક : નેહા મયુર "રાધા"

નથી જરૂર મને કોઈ રોઝની,
બસ તમારી લાગણીઓ હરરોજ આપજો.

નથી જરૂર મારે કોઈ પ્રપોઝ દિવસની,
બસ મારા દિલની વાત વગર કહે જાણજો.

નથી જરૂર મારે મોંઘી ચોકોલેટની,
બસ મારા જીવનમાં પ્રેમની મીઠાશ રાખજો.

નથી જરૂર મારે કોઈ રમકડાના ટેડી બેરની,
બસ મારા બાળકોને અનહદ્ પ્રેમ આપજો.

નથી જરૂર મારે કોઈ મોટા વચનોની,
બસ સપ્તપદીના સાત વચન દિલથી નિભાવજો.

નથી જરૂર કોઈ એક દિવસ પ્રેમનો એકરાર કરવાની,
બસ જિંદગીના અંત સુધી તમારો પ્રેમ અકબંધ રાખજો.

## NOG સાહિત્ય સરિતા ગ્રુપ. વેલેન્ટાઈન ડે,વસંત પંચમી

**NOG SS NO : 181**
વિષય : પ્રેમ ની અભિવ્યક્તિ
શિર્ષક : "વેલેનટાઈન વીક ની વ્યથા"
પ્રકાર : પદ્ય - શબ્દો :૨૩૯
લેખન : સુરમી બધેકા
વેલેન્ટાઈન સપ્તાહ
??પતિ પત્ની ના હાસ્ય સંવાદ ની ખાટીમીઠી કાવ્યરચના ??
વેલેનટાઈન વીક પૂરું થવા આવ્યુ આજે વેલેનટાઈન -ડે પર પણ કોઈ ગીફ્ટ ન મળી..
એટલે પત્ની એ નારાજગી વ્યક્ત કરતા કહ્યું..
પત્ની: આખું અઠવાડિયું ગયું તમે કાંઈ ગીફ્ટ ના લાવ્યા ને!....રોઝ ડે , ચોકલેટ ડે , ટેડી ડે, કાંઈ જ ન લાવ્યા અને પતિએ આપ્યો નટખટ જવાબ ."હું જો તનેગુલાબ નું ફૂલ આપીશ?? તો પછી એના કાંટા મને જ ચૂભશે.. ને ટેડી બેર આપીશ ??... તો પછી મારી સાથે કોણ સુશે?
ચોકલેટ આપીશ?? ને તારા દાંત ખરાબ થઈ જાશે તો પછી દરિયા કિનારે મારી સાથે ગરમા ગરમ ભૂટ્ટો કોણ ખાશે?"??.
મંદ મલકાતા પત્ની બોલી " હા ,હં.!.!... અને હગ ડે ... અને કિસ ડે એ બરાબર યાદ રહે છે નહિં.... તમને!...."
પતિ: "અરે! વ્હાલી..... આખા અઠવાડિયા માં આજ બે દિવસ ની રાહ જોતો હોઉં છું".....
"જેમાં ગીફ્ટ દઈ ને "રીટન ગીફ્ટ" ની મજા લેતો હોઉં છું.
બાકી મારી વેલેનટાઈન તો તું જ છે... ને કૌસુમી ??તું જ રેહવાની.....
વેલેનટાઈન વીક નાં ખર્ચા થી બચતાં પતિ એ પત્ની ને મનાવતા કહેલી કવિતા,
અરે!.આપણો સંબંધ તો છે જનમોજનમ નો
આ અઠવાડિક પ્રેમ જતાવી ને શું કહું?....
જ્યારે તું મને જોઈને મીઠું હસે ...
ત્યારે જ મારા મન માં વસંત ખીલે....
"વેલેનટાઈન ડે" તો બહાનુ છે.!...
આ વસંત ના વ્હાલ ને કેમ ખર્ચાળ બનાવાનું? ..
આ જીવન માં હું તને જેટલું પણ આપું
તે તો તારા પ્રેમ સામે ઓછું જ પડવાનુ......
પ્રણય ની છે રીત નિરાલી..રે! વ્હાલી -.....

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષય:-" પ્રેમની અભિવ્યક્તિ"
શિર્ષક :-તું મારો જીવન આધાર"
પ્રકાર:- પદ્ય. શબ્દો:- ૭૮
નામ :- ધનજીભાઈ ગઢીયા" મુરલી "(જુનાગઢ)

કેવી ગજબની વાત છે !
તારી સાથે મુલાકાત છે,
તને જોઈને મારૂં દિલ ખીલે છે,
તારા પ્રેમની એ સુવાસ છે.

તું દિલની ધડકન છે,
તું શ્વાસોની સરગમ છે,
તારી ધડકનમાં મારો તાલ મળે છે,
તું મારા પ્રેમનો રાગ છે.

મારા પ્રેમનો પોકાર છે,
મનનાં મયૂરનો ટહુકાર છે,
મારૂં દિલ તુજને હરપળ ઝંખે છે,
તું મારા પ્રેમની અમીરાત છે.

દિલમાં તારી તસ્વીર છે,
નયનનાં આયનામાં તું જ છે,
મારી જીભ તુજને રટે છે "મુરલી",
તું જ મારા જીવનનો આધાર છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ૐ જીજી ૐ - ૧૯૧
પ્રકાર - પદ્ય શબ્દ -૧૪૯
વિષય : પ્રેમની અભવ્યક્તિ
પ્રેક્ષક : વિનોદ સોલંકી "મિત્ર" લખતર.

ગોળધાણા વહેંચ્યા ત્યારે ક્યાં હતા ?
કંસાર રંધાયો ત્યારે તમે ક્યાં હતા ?

ખોડાઈ ગયા છો આવીને નજરો સામે !
માંડવડા રોપ્યા ત્યારે તમે ક્યાં હતા ?

ઉદાસીન ચહેરો ને આંખમાં અશ્રુધાર !
ગુલાલ ઉડયાતા ત્યારે તમે ક્યાં હતા ?

હારી ગયા જીંદગી એમ કેમ કહો છો !
સોગઠે રમ્યાતા ત્યારે તમે ક્યાં હતા ?

કહો છો હદય ધડકે છે બેફામ બેકાબુ !
ઢોલ ઢબુક્યા ત્યારે તમે ક્યાં હતા ?

દરવાજે દસ્તક દઈ દઈ ને થાક્યા તો !
ચોખલીયે વધાવ્યા ત્યારે તમે ક્યાં હતા ?

અડધી જીંદગી એ આવ્યા છો આંગણે !
ચોરીના ફેરા ફરતાતા ત્યારે તમે ક્યાં હતા ?

ભવો ભવનો સાથ નહી છૂટે એવું કહેનારા !
અર્થી અમારી ઊઠી ત્યારે તમે કયાં હતા ?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 193**
વિષય - પ્રેમ ની અભિવ્યક્તિ
શીર્ષક - ગમો? છો તમે
પ્રકાર - પદ્ય

તમારા સોગંધની સોગંધ ગમો છો તમે..
મનના વિચારોની સંગત રમો છો તમે..

ચાહતની વસંત ખીલી છે આસપાસ..
દિલની હરિયાળી માં ખિલો છો તમે..

પ્રેમની કૂપંણો ફૂટી છે મુજ હૈયે,
પ્રિતનુ અતર છાંટી ચુમો છો તમે..

નટખટ અદામાં નજર શરમાય છે,
મારા પાગલપણાનો નશો છો તમે..

ધડકનો બદલાઈ ગઈ છે આપણી,
કંપન મધુરું હદયનુ, ઝુમો છો તમે..
છાયા શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 199**
વિષય : પ્રેમ ની અભિવ્યક્તિ
પ્રકાર : પદ્ય
શબ્દ : ૬૦
નામ : અમૃત શ્રીમાળી

વ્યક્તિ એ તો શકિત છે પ્રેમની અભિવ્યક્તિ છે
પ્રેમ એ તો પ્રભુ રૂપ છે પ્રગટ થવાની ભકિત છે

પ્રેમ શ્વાસ છે વિશ્વાસ છે વેદના ની વિરક્તિ છે
વ્હાલપ છે ને સહાલપ છે ઉર તણી ઉરકતી છે

ભલે ખાલી ખાલી ખોળિયું ને ખાલી છે ખોરડું
ખુદા ના ખ્વાબ થી ખળભળ પ્રેમ એ તકતી છે

હું હોવું ના હોવું તું હોય કે ના હોય ફર્ક શું પડે
અંતરચક્ષુથી ઓળખાય સ્નેહની સાત્યકિત છે

નથી વાસના નથી હવસ નથી કામના કે બીજુ કૈ
પ્રેમ પૂર્ણ પદારથ છે પ્રભુ પ્રેમની અભીવ્યક્તિ છે

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : " પ્રેમની અભિવ્યક્તિ "
શીર્ષક : " આશિક થયા તમારી આંખોની કમાલના "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૬.
નામ : શ્યામ ગોયાણી ( શિવેન્દ્રનગર )
.
આશિક થયા અમે, તમારી આંખોની કમાલના,
દીવાના હતા, હવે પાગલ થયા તમારી ચાલના.
.
લટોમાં ઉલજીને, તમારા કોમળ ચહેરે ખોવાયા,
લાખો નજરથી બચ્યા, તમારી નજરથી ઘવાયા,
.
ખોવાયા અમે તો, તમારા ખંજન મહી ગાલના,
દીવાના હતા, હવે પાગલ થયા તમારી ચાલનાં.
.
લાગણીઓ ભીની ભીની વહાવીએ તમારા પર,
ને તમારા પર પ્રેમનો "શ્યામ" ઉલ્લેચીએ સાગર,
.
એમ છતાએ તમે બે શબ્દોએ ના કહો વ્હાલના,
દીવાના હતા, હવે પાગલ થયા તમારી ચાલના.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO.:0101**
વિષય : પ્રેમની અભિવ્યક્તિ
પ્રકાર : પદ્ય,અછાંદસ. શબ્દ : ૮૨
શીર્ષક : વાસંતી કસુંબો
લેખક : ભરત સાંગાણી

આકાશના ચંદરવા હેઠળ, પંચમ સૂર છેડીએ ચાલ,
પીએ વાસંતી કસુંબો માદક, કરી જરા આંખને લાલ.

મસ્તીના ખજાનાના, મેઘધનુષી રંગો ઉડે ચારે બાજુ,
તેમાં તારા સ્મિત અને લાગણીનો ઊડે જાણે ગુલાલ.

આજની વાસંતી સુરમ્ય સાંજ છે નશીલી અલગારી,
હવે હૈયું રોકી શકાતું નથી, તને પૂછું એક ભીનો સવાલ.

હવે મને આવડી ગયું છે, તારાં નયનોની ભાષા ઉકેલતાં,
તારાં દિલમાં ઘૂઘવતાં તોફાનોમાં છલકે છે હુંફાળું વહાલ.

નિરાંતે નિરખવાની તમન્નાઓને ક્યાં સુધી બાંધી રાખશો,
વહેવાદો સરતાં સ્નેહના આંસુ, રોકવાની કોની છે મજાલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S NO 163**
પ્રકાર:પદ્ય
વિષય:પ્રેમની અભિવ્યક્તિ..
શબ્દ:૮૫
લેખક: શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી 'મૌની' વડોદરા

સોળે સાન અને વીસે વાન,
ખીલી ઉઠી જયોતિ આજે..
શરમાતી બલખાતી ચાલે,
નયન ઢળેલાં દીઠા એના..

આજ નજર સ્હેજ ઉંચી કરી,
આશ્ચર્ય ચકિત થઈ જયોતિ..
વર્ષો પછી સામે દીઠો,
બચપણનો દોસ્ત દિપક..
નયન થી મળ્યાં નયન,
હૃદયમાં વાગી ઘંટડી..

મળે છે દિપક સામે તો
ધડકન તેજ ચાલે શાને..!.
કેમ આવું થાય છે..!
સમજી ના શકી એ..

દિલડું વારંવાર મળવા ચાહે
પ્રેમની અભિવ્યક્તિ કરતાં કંપે..
તો પણ આજે,
હિંમત કરી બોલી ઉઠ્યા બંને..!
"જ્યોતિ વગર દિપક શું કામનો?
★દિપક અને જ્યોતિ★
પૂરક એકબીજાનાં..
સમર્પિત રહીશું એકબીજાને.."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *No.* *0185.***
★વિષય:-★ ★પ્રેમની અભિવ્યક્તિ★
★શીર્ષક:-★ ★પ્રેમનો જ રંગ★
★પ્રકાર:-★ ★પદ્ય★ ★શબ્દ સંખ્યા:-★ ★૧૧૪★
★લેખકનું નામ:-★ ★દિલીપ સી. સોની''★ ★ઝરૂખો★

મારા પ્રેમનો જ રંગ અંકિત છે, મારા જ ચક્ષુમાં,
મારા સિવાય વરસવાનું જ, બીજું કોણ જાણે,
મારા પ્રેમની અભિવ્યક્તિનો સ્વીકારપપપ.
કરીશ ને દિલબરપ?

તારા રંગનો છે નિખાર, નથી જ ક્યાંય ઉદાસી,
સોહામણું છે રૂપ તારું, લાગે તું તેજનો ભંડાર,
મારા પ્રેમની અભિવ્યક્તિનો સ્વીકારપપપપ.
કરીશ ને દિલબર..?

ચાંદ જેવી શીતળતા
આભાર - નિહારીકા રવિયા તારી, હીરા જેવો ચળકાટ,
મન મારું મોહી લે છે, તારી નિર્દોષતા જ અપાર,
મારા પ્રેમની અભિવ્યક્તિનો સ્વીકારપપપ
કરીશ ને દિલબરપ?

ઉંમર ભલે થશે તારી, મૃદુતા ઉભરાશે સંગ તારી,
મોહકતાની ક્યાં ભાળ છે તને, અપ્રતિમ જ છે તું,
મારા પ્રેમની અભિવ્યક્તિનો સ્વીકારપપપ.
કરીશ ને દિલબરપ?

પ્રેમમયી, લાવણ્યમયી મૂર્તિસ્વરૂપ, સ્વપ્રમયી છે તું,
મારી કવિતાના શબ્દે, શૃંગાર રસથી જ છલકે છે તું,
મારા પ્રેમની અભિવ્યક્તિનો સ્વીકાર. કરીશ ને દિલબરપ?

# રેતીનું બિનઅધિકૃત વહન કરનારા સામે જિલ્લા કલેક્ટરશ્રીની લાલ આંખ



## મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, ગાંધીનગરની ટીમે રાત્રે આકસ્મિક ચેકીંગ કરીને રેતીની બિનઅધિકૃત હેરફેર કરતાં ૧૩ ડમ્પર જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગરમાં બિનઅધિકૃત રીતે સાદી રેતી ખનીજની હેરફેર કરનારા તત્ત્વો સામે મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની કચેરીએ લાલ આંખ કરીને આવા ૧૩ ડમ્પરો જપ્ત કરી કુલ આશરે રૂ. ૩ કરોડનો મુદ્દા માલ જપ્ત કર્યો છે. મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી, ગાંધીનગરની યાદીમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લાના કલેક્ટરશ્રી એમ. કે. દવેની સૂચના અન્વયે ગાંધીનગરના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીએ તેમની ટીમ સાથે તા ૧૨ મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ જુદી જુદી ચેકપોસ્ટ ઉપર રાત્રીના સમયે આકસ્મિક ચેકીંગ હાથ ધર્યું હતું. આ ચેકીંગ દરમિયાન પીપળજ ચેકપોસ્ટ, પીપળજ ખાતેથી સાદી રેતી ખનીજના બિનઅધિકૃત વહન કરતાં કુલ ૧૩ ડમ્પર વાહનો જપ્ત કરી કુલ મળીને આશરે ૩ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ચેકીંગ દરમિયાન જે ડમ્પરો જપ્ત કરવામાં આવ્યા તેમાં (1) GJ-18-BT-9119 (2) GJ-18-BT-2411 (3) GJ-18-BV-4190 (4) GJ-35-T-4896 (5) GJ-18-BV-1355 (6) GJ-18-BT-6002 (7) RJ-15-GA-7756 (8) GJ-18-AZ-8762 (9) GJ-06-AT-2441 (10) GJ-13-AW-8900 (11) GJ-01-DZ-0835 (12) GJ-01-KT-6725 (13) GJ-01-FT-9047 નો સમાવેશ થાય છે. બિનઅધિકૃત રીતે સાદી રેતી ખનીજની હેરફેર કરનારા આ કસુરદારો વિરૂધ્ધ ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલ્લીગલ માઈનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) - નિયમો ૨૦૧૭ હેઠળ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પણ યાદીમાં જણાવાયું છે.



૫૧ શક્તિપીઠ, ગબ્બર, અંબાજીની પરિક્રમા કરતા જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગરના યાત્રીઓ

# અરવલ્લી જિલ્લામાં "સડક સુરક્ષા જીવન રક્ષા" રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૪ નો સમાપન સમારોહ યોજાયો




અરવલ્લી જિલ્લામાં લોકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ આવે તેવા આશય સાથે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત ૧૫ જાન્યુઆરી થી ૧૪ ફેબ્રુઆરી સુધી કાર્યક્રમો યોજાયા હતા.જેમાં ટ્રાફિકના નિયમો અંગે જાગૃતતા આવે તે માટૅ પ્રેઝેન્ટેશન દ્વારા ટુ વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ અવશ્ય પહેરવુ, ફોર વ્હિલ ચલાવતી વખતે શીટ બેલ્ટ લગાવવો, રસ્તો ક્રોસ કરતી વખતે અને વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો, વાહનોના ઈન્ડીકેટરનો યોગ્ય ઉપયોગ કરવો, ઓવરસ્પીડમાં વાહન ન ચલાવવુ તેમજ ક્ષમતાથી વધારે મુસાફરોને ન બેસાડવા વગેરે મુદ્દાઓથી મુસાફરોને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ ટ્રાફિક રૂલ્સ અવેરનેશ અંગેના પેમ્પલેટસનુ વિતરણ કરવામાં આવ્યું હતું.આજે આ કાર્યક્રમનું મોડાસામાં કે.એન.શાહ હાઈસ્કૂલ ખાતે સમાપન કરવામાં આવ્યુ.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પારીક દ્વારા જિલ્લામાં ટ્રાફિકના નિયમોનું પાલન કરવામાં આવે અને માર્ગ સલામતી માટે થતાં પ્રયત્નોમાં સહભાગી થવા માટે જણાવ્યું. તેમણે ત્યાં હાજર શાળાના બાળકોને જણાવ્યું કે;આપ તમામ પોતાના ઘરમાં ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે જાગૃતિ ફેલાવો અને તમારા માતા-પિતા અને અન્યોને જાણકારી આપો ,અને તમે વિદ્યાર્થીઓ પણ પોતે આજથીજ ટ્રાફિકના નિયમોનું પાલન કરશો.જિલ્લા કલેક્ટરે માર્ગ સલામતી માટે તંત્ર અને પોલીસ દ્વારા થતી કામગીરી વિશે જાણકારી આપી અને જાહેર જનતાને પણ ટ્રાફિક ના નિયમો અને માર્ગ સલામતી માટે જાગૃત થવા જણાવ્યું. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી શૈફાલી બરવાલ,મોડાસા કેળવણી મંડળના પ્રમુખશ્રી બિપીનભાઈ શાહ,તેમજ અન્ય વિભાગના અધિકારીશ્રીઓ અને પોલીસ અને ટ્રાફિક વિભાગના અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચાણસ્મા પૂ. સ્વામિ શ્રીસચ્ચિદાન યોગાશ્રમ ખાતે ચાણસ્મા કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા માતૃ- પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

આગામી સમયમાં ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરવામાં આવે છે ત્યારે સમગ્ર ભારત ભરમાં ત્યારે તેની જગ્યાએ હિન્દુ પરંપરા પ્રમાણે ૧૪ ફેબ્રુઆરીના દિવસે હિન્દુ સમાજના સનાતન ધર્મમા માતૃ પિતૃ વંદના દિવસ રાખવામાં આવે તેવો અત્રે યોજાયેલ કાર્યક્રમમાં સર્વે બંધુ દ્વારા નક્કી કરવામાં આવ્યું હતુ

ચાણસ્મા ખાતે આવેલ પાટણ રોડ પર ના પૂ. સ્વામિ શ્રી સચ્ચિદાનંદ યોગાશ્રમ ની અંદર ચાણસ્મા કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા માતૃ પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો તેમજ બંધુઓ હાજર રહી કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. જેમાં કાર્યક્રમમાં ચાણસ્મા શ્રી કચ્છ કડવા પાટીદાર દ્વારા માતૃ પિતૃ વંદના થકી માતૃ પિતૃ નું પૂજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ હનુમાન દાદા ની આરતી કરવામાં આવી હતી તેમજ હનુમાન ચાલીસા ના હાજર બંધુઓ દ્વારા પાઠ કરવામાં આવ્યા હતા ત્યારબાદ સમૂહ ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું

નિખીલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ



માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામાં મહેસાણા જીલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા શ્રી હર્ષદભાઈ પટેલ, વિજાપુર વિધાનસભાના પૂર્વ કોંગ્રેસના ઉમેદવાર શ્રી નાથાભાઈ પટેલ સહિત જીલ્લા/તાલુકા પંચાયતના ૧૯ ચાલુ સદસ્યો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા

# સરદાર પટેલ યુનિવર્સિટીમાં શ્રી રામ કેન્દ્રિત કાવ્ય ગોષ્ઠી અને રામ ચરિત માનસ ચોપાઈ ગાનનું સુંદર આયોજન કરવામાં આવ્યું



અયોધ્યામાં નવનિર્મિત શ્રી રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં 'રામોત્સવ'ની ઉજવણી સમગ્ર ભારત થઈ રહી છે ત્યારે સરદાર પટેલ યુનિવર્સિટી તા. ૧૮ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન રામોત્સવની ઉજવણી વિશિષ્ઠ અને અનોખી રીતે કરી રહ્યા છે, જેનાં અનુસંધાને ૨૦-૦૧-૨૦૨૪,સવારે એમ. પી. પટેલ ઑડિટોરિયમ ખાતે શ્રી રામ કેન્દ્રિત કાવ્ય ગોષ્ઠી અને રામ ચરિત માનસ ચોપાઈ ગાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાવ્ય ગોષ્ઠીના આરંભે ઉદ્ઘાટન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં સરદાર પટેલ યુનિવર્સીટીના કુલપતિ મહોદય ડૉ. નિરંજન પટેલ સાહેબ તથા કુલસચિવ ડૉ. ભાઈલાલ પટેલ સાહેબ, સંયોજક હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રો.દિલીપ મેહરા અને ઉદ્ઘાટક તરીકે સાહિત્યકાર ડૉ. હરેશ્વરીદેવી હાજર રહ્યા હતા. હિન્દી વિભાગનાં અધ્યક્ષ અને પ્રોફેસર દિલીપ મેહરા સાહેબે મહેમાનોને પુષ્પગુચ્છ અને પુસ્તક દ્વારા આવકાર આપી હિન્દી-ગુજરાતી કાવ્યગોષ્ઠીના આયોજન સંદર્ભે ભૂમિકા બાંધી હતી. આ કાવ્ય ગોષ્ઠીમાં ગુજરાત તેમજ અન્ય રાજયમાંથી જાણીતા કવિ-કવયિત્રી હાજર રહી પ્રભુ શ્રીરામના જીવન પ્રસંગો, અધ્યાત્મિક મૂલ્યો, ભારતીય સંસ્કૃતિમાં રામ, લોક હૃદયમાં રામભક્તિ, રામાયણના વિવિધ પ્રસંગો વગરે સંદર્ભો સાથે રામ કેન્દ્રિત કાવ્ય પાઠ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં ગુરુમૈયા ડૉ.હરેશ્વ રીદેવી(વડોદરા), ગુજરાતના સમકાલીન હિન્દી સાહિત્યકાર-કવિ ડૉ. સતીન દેસાઈ – પરવેશ (અમદાવાદ), ગુજરાતી ભાષાના જાણીતા કવિ આદરણીય પ્રો.મણીલાલ હ.પટેલ (વિદ્યાનગર), કવિ મોહન બારોટ(વડોદરા), ડૉ. મુકેશ જોષી( અમદાવાદ), કવયિત્રી રાખી સિંહ કટિયાર(વડોદરા), ડૉ.અંકુર દેસાઈ(વડોદરા), ડૉ.મુકેશ જોશી( અમદાવાદ), પ્રો.ડૉ.દક્ષા જોશી ( રાજકોટ), પંકજ ચતુર્વેદી'સૃષ્ટિ'( દિલ્લી) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાવ્ય ગોષ્ઠીનું સંચાલન યુવા કવિ શૈલેષ પંડયા-ભીનાશએ કર્યું હતું. મહત્વની વાત તો એ છે કે સમગ્ર કાવ્ય ગોષ્ઠીમાં જે જે કવિઓએ કવિતાઓની પ્રસ્તુતિ કરી છે તેમને ભવિષ્યમાં પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવામાં આવશે. કાવ્ય ગોષ્ઠી પૂર્ણ થયા બાદ સરદાર પટેલ યુનિવર્સીટીના વિવિધ વિભાગના વિદ્યાર્થીઓએ રામચરિત માનસની ચોપાઈનું ગાન કર્યું હતું, જેનાં નિર્ણાયક તરીકેની જવાબદારી હિન્દી વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ. દયાશંકર ત્રિપાઠી, પ્રો. મદન મોહન શર્મા એ નિભાવી હતી. આ સમગ્ર રામ કેન્દ્રિત ભવ્ય આયોજનમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થી, વિવિધ વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકો તેમજ રામભક્તો હાજર રહ્યા હતા.

# માંડલીખૂટા ગામે બુથ ચલો કાર્યક્રમ યોજાયો



-રમેશ ગોસ્વામી ×સારથિ×

ઝાલોદઃ ગત રોજ બુથ ચલો અભિયાન અંતર્ગત ઝાલોદ નાં માંડલીખુટા ગામે વોર્ડ નં.૯ માં બુથ નં ૬૪ માં સ્થાનિક સંયોજક શ્રી જગુભાઈ ગુજ્જર ,પ્રવાસી કાર્યકર્તા શ્રી શંતોષભાઈ ભગોરા ,દાહોદ જીલ્લા મહિલા મોરચા કારોબારી સભ્ય શ્રીમતી શીલાબેન ગારી ,બુથ પ્રમુખ શ્રી મહેશભાઈ ભાભોર,બુથ સમિતિ શ્રી મગનભાઈ ગારી ,અશ્વિનભાઈ નિનામા ,ખોમસીગભાઈ વસુનિયા, ગામના આગેવાનો શ્રી ધર્મેશભાઈ કાટકડ, કોકીલાબેન ગારી,બાબુડીબેન ગારી ,કંકુબેન ગારી, સતીષભાઈ કાટકડ તથા અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.અંત્યોદય ના ઉદ્ધારક અને સામાજિક સમરસતા ના પ્રેરક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી ની તસવીર પર હાર ચડાવી ને વંદન કરવા માં આવ્યાં હતાં. તથા આગમી ચુંટણી માં ભાજપ સરકાર ને જંગી બહુમતીથી વિજયી બનાવવા હાકલ કરવામાં આવી હતી. કાર્યકર્તાઓ એ ઘર ઘર જઈને સરકાર ની ઉપલબ્ધિઓ બતાવી હતી અને ટુંક સમયમાં યોજાનાર ચુંટણી માં બીજેપી ને ફરી એકવાર મત આપી ને રાષ્ટ્રહિત, વિકાસ નાં સહભાગી બનવા હાકલ કરાઈ હતી.

# ડાંગ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનિધિઓ માટે યોજનાકીય જાણકારી અંગેનો વર્કશોપ યાજાયો



આહવાઃ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓ જન જન સુધી પહોચે તે માટે ડાંગ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા, જિલ્લા અને તાલુકા પંચાયતના પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનિધિઓ માટે, સરકારી યોજનાઓની જાણકારી આપવા તેમજ લાભાર્થીઓને યોજનાઓના લાભ લેવા પ્રોત્સાહિત કરવા માટે આહવાના સર્કિટ હાઉસ ખાતે આરોગ્ય વિભાગની યોજનાકીય જાણકારી અંગેના વર્કશોપનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

પરીવારમા બીમારીઓ તેમજ અકસ્માત જેવી નાની મોટી ઘટનાઓ બને છે, ત્યારે આરોગ્ય વિભાગની યોજનાઓ ખુબ જ ઉપયોગી સાબીત થાય છે. જેથી આરોગ્યની યોજનાઓ લોકો સુધી પહોચવી ખુબ જ જરૂરી છે. તેમ આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરીએ આ પ્રંસગે જણાવ્યું હતું.

ડાંગ જિલ્લાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.હિમાંશુ ગામિત દ્વારા તમામ જન પ્રતિનિધિઓને આરોગ્ય શાખા હસ્તકની સરકારી યોજનાઓ વિશે જાણકારી આપી જન જન સુધી યોજનાઓના પ્રચાર, તેમજ લાભાર્થીઓને યોજનાકિય માહિતી આપી લાભાર્થીઓને સાચી દિશામા માર્ગદર્શન પુરુ પાડવા અનુરોધ કરાયો હતો.

આહવાના તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.અનુરાધા ગામિતે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) દ્વારા જિલ્લા પંચાયત હસ્તકની આરોગ્ય શાખામા બાળકો તેમજ મહિલાઓને માટે પાયે સરકારી યોજનાઓનો લાભ પુરો પાડવામા આવે છે. જેમા જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, રાષ્ટ્રિય પરીવાર નિયોજન કાર્યક્રમ, આયુષ્યમાન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના વગેરેનો લાભ છેવાડાના માનવી સુધી પહોચાડવા જન પ્રતિનિધિશ્રીઓને અપીલ કરી હતી.આ ઉંપરાત ડાંગ જિલ્લો ટીબી મુક્ત ભારતના નારાને સાર્થક કરે તે માટે ડી.ટી.ઓ શ્રી બિનેશ ગામિતે ટીબી રોગ વિશે જાણકારી આપી હતી. ટી.બી રોગનો ફેલાવો, તેના ચિહ્નો-લક્ષણો, તેમજ નિદાન અને તેને અટકાવવા માટેના ઉપાયો વિશે માહિતી પુરી પાડી હતી. તેમજ ટી.બી દર્દીઓને દત્તક લેવા પણ તેમણે જન પ્રતિનિધિઓને અપીલ કરી હતી.

આ વર્કશોપમા ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી મયનાબેન બાગુલ, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી બીબીબેન ચૌધરી, જિલ્લા સદસ્ય શ્રીમતી હેતલબેન ચૌધરી તેમજ આહવા તાલુકા ઉપ પ્રમુખ શ્રી કમલેશભાઈ વાઘમારે, તાલુકા સદસ્ય શ્રી દેવરામભાઈ જાદવ, શ્રી અર્જુનભાઈ ગવળી સહિતના પદાધિકારીશ્રીઓ, તેમજ આરોગ્ય કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બોટાદના અધિક કલેકટરના પુત્રીએ નાનાવડામાં રસ્તા ઉપર ગેરકાયદે બાંધકામ ખડકી દબાણ કર્યાનો આક્ષેપ



રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના નાનાવડા ગામે સીમતળના જુનવાણી રસ્તામાં બોટાદના અધિક કલેકટરના પુત્રી દ્વારા ગેરકાયદેસર બાંધકામ ખડકી દબાણ કર્યાના આક્ષેપ સાથે પડધરી તાલુકા પંચાયતના સદસ્ય સાગર પાંભરની આગેવાની હેઠળ ગ્રામજનોએ રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે દોડી આવી આ બાબતે આવેદનપત્ર આપી રજૂઆત કરી. નાનાવડા ગામે વાડીએ જવા માટેના જુનવાણી રસ્તા ઉપર અનઅધિકૃત રીતે દિવાલ ખડકી દેવામાં આવી છે : સાગર પાંભર (પડધરી તાલુકા પંચાયત, સદસ્ય)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યનું રૂ.૩,૩૮,૪૭૬ કરોડ દેવું હતું તે વધીને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩,૮૧,૩૮૦ કરોડ થયું



વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યનું રૂ.૩,૩૮,૪૭૬ કરોડ દેવું હતું તે વધીને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩,૮૧,૩૮૦ કરોડ થયું છે એટલે કે દેવામાં રૂ.૪૨,૯૦૪ કરોડનો વધારો થયેલ. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજયના દેવાનો અંદાજ રૂ.૪,૨૬,૩૮૦ કરોડ છે એટલે કે તેમાં છેલ્લા વર્ષની સરખામણીએ રૂ.૪૫,૦૦૦ કરોડનો વધારો થશે. આમ, વર્ષ ૨૦૨૨-૨૩ના સરખામણીએ વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૮૭,૯૦૪ કરોડનો વધારો થયો. વર્ષ ૨૦૨૪-૨૫માં દરેક ગુજરાતીના માથાદીઠ દેવું રૂ.૬૫,૫૯૭ થશે. રાજય સરકાર વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૭૭,૫૦૦ કરોડનું દેવું લેશે એટલે કે દૈનિક અંદાજે રૂ. ૨૧૨ કરોડનું દેવું કરવામાં આવશે. ૨૦૨૪-૨૫માં રાજ્ય સરકાર રૂ.૨૯,૦૮૪ કરોડ જાહેર દેવાની ચૂકવણી કરશે એટલે કે દૈનિક રૂ.૮૦ કરોડની રકમ દેવાની રકમ ચૂકવવામાં જશે. એટલે કે દૈનિક રૂ.૨૧૨ કરોડ લેશે તેની સામે દૈનિક રૂ.૮૦ કરોડ પરત કરશે તે રાજયના વહીવટનું ઉત્તમ ઉદાહરણ હોવાનું કટાક્ષ કરતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમારે જણાવ્યું હતું કે, રાજ્યની કુલ આવક વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧,૯૯,૪૦૮ કરોડ એટલે કે દૈનિક રૂ.૫૪૬ કરોડ અને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૨,૨૯,૬૫૩ કરોડ એટલે કે દૈનિક રૂ.૬૨૯ કરોડ થશે. એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૪-૨૫માં દૈનિક રૂ.૮૨ કરોડની આવકનો વધારો થશે.

રાજ્યમાં વિકાસલક્ષી ખર્ચ પાછળ વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧,૫૨,૪૭૬ કરોડ એટલે કે દૈનિક રૂ.૫૦૬ કરોડ અને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૨,૧૨,૨૦૨ કરોડ એટલે કે દૈનિક રૂ.૫૮૧ કરોડ થશે. એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૪-૨૫માં દૈનિક રૂ.૭૫ કરોડની રકમનો ખર્ચ થશે.

રાજયમાં બિન વિકાસલક્ષી ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૮૫,૭૧૩ કરોડ એટલે કે દૈનિક રૂ.૨૩૪ કરોડ અને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૧,૧૫,૫૭૬ કરોડ એટલે કે દૈનિક રૂ.૩૧૬ કરોડ થશે. બે વર્ષમાં બિનવિકાસલક્ષી ખર્ચમાં રૂ.૨૯,૮૬૩ કરોડનો વધારો થયો છે. એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૪-૨૫માં દૈનિક રૂ.૮૨ કરોડનો બિનવિકાસલક્ષી ખર્ચ થશે.

રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૪-૨૫માં વિકાસલક્ષી ખર્ચ પાછળ દૈનિક રૂ.૭૫ કરોડનો ખર્ચ કરશે જ્યારે બિનવિકાસલક્ષી ખર્ચ પાછળ દૈનિક રૂ. ૮૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વિકાસલક્ષી ખર્ચ કરતાં બિનવિકાસલક્ષી ખર્ચ પાછળ વધારે ખર્ચ કરશે.

રાજ્યમાં બિન વિવાદિત વેરાપેટે એક વર્ષથી બે વર્ષની રૂ.૯૩૭ કરોડ, બે વર્ષથી પાંચ વર્ષ રૂ.૭,૪૫૫ કરોડ, પાંચ વર્ષ થી દસ વર્ષ રૂ.૧૦,૬૪૭ કરોડ અને દસ વર્ષથી વધુ સમયથી રૂ.૧૦,૯૮૪ કરોડ મળી કુલ રૂ.૩૦,૦૨૫ કરોડની રકમ અને વિવાદિત વેરા પેટે નીકળતી બાકી રકમ રૂ.૨૬,૫૮૪ કરોડની લેવાની નિકળે છે. આમ, રાજ્યમાં રૂ.૫૬,૬૦૯ કરોડની રકમ વિવાદિત અને બિનવિવાદિત વેરા પેટે બાકી નિકળે છે.

રાજયમાં ઘરગથ્થું ઉત્પાદન વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૭.૭% વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦.૫% છે એટલે કે ૧૦ વર્ષમાં ઘરગથ્થું ઉત્પાદનમાં ૭.૨%નો ઘટાડો થયો છે. રાજયમાં ઔદ્યોગિક જુથ વર્ષ ૨૦૧૧-૧૨ની સરખામણીએ વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રાથમિકમાં ૨૨.૮૦% થી ૨૦.૧૦% થયો એટલે કે ૨.૭૦%નો ઘટાડો થયો છે, કૃષિમાં ૧૭.૮૦% થી ૧૪.૧૦% એટલે કે ૩.૭૦%નો ઘટાડો થયો છે અને તૃતીય ૩૬.૭૦% થી ૩૫.૩૦% થયું છે એટલે કે તેમાં પણ ૧.૪૦%નો ઘટાડો થયો છે.

રાજ્યની પોતાની મહેસુલી આવકમાં વૃધ્ધિ વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૪.૨૨% હતી તે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૨.૩૯% થઈ છે એટલે કે આવક વૃધ્ધિમાં ૨.૬૩%નો ઘટાડો થયો છે.

કેન્દ્રીય કરવેરામાં વર્ષ ૨૦૧૨-૧૩માં વાર્ષિક વૃધ્ધિ ૧૪.૦૯%હતીતેવર્ષ૨૦૨૩-૨૪માં ૧૧.૪૮% થઈ છે, એટલે કે કેન્દ્રીય કરવેરામાં ૨.૬૧%નો ઘટાડો થયો.

# S K પટેલ મેનેજમેન્ટ કોલેજ, ગાંધીનગર દ્વારા સિરાજ ૨૦૨૪નો પ્રારંભ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સાથે સંલગ્ન, એસ કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ એ ગુજરાતની સૌપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ એમબીએ અને એમસીએ કૉલેજ છે. ગાંધીનગર સ્થિત આ કૉલેજ ૧૯૯૮ થી કાર્યરત છે. દર વર્ષે યોજાતો સિરાજ (એકેડેમીક અને કલ્ચરલ ઈવેન્ટ) એ ૨૦૦૩ થી કૉલેજ નો મુખ્ય કાર્યક્રમ છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાની કટિબધ્ધતા ને ધ્યાનમા રાખીને, આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે. સિરાજ - ૨૦૨૪ માં ૧૭ જેટલી વિવિધ ઈવેન્ટમાં, રાજ્યભર ની ૧૦૦ થી વધારે કૉલેજમાંથી ૩૩૩૫ થી વધારે વિદ્યાર્થીઓ એ ભાગ લીધો છે. ત્રણ દિવસીય આ કાર્યક્રમ (૧૨ થી ૧૪ ફેબ્રુઆરી ) ના ઉદ્ઘાટન માં લોકપ્રિય ગુજરાતી ફિલ્મ "કસુંબો" ચલચિત્ર ના અભિનેતા રોનક કામદાર, એમ મોનલ ગજ્જર,વિશાલ વૈશ્ય એ હાજરી આપી હતી અને તેઓ એ વિદ્યાર્થી ને મનોરંજન પૂરુંપાડ્યું હતું અને તેમને સફળ કારકિર્દી માટે ની શુભેછાઓ પાઠવી હતી. આર.ડી.બારહટ, જોઈન્ટ કમિશનર ઓફ ઈન્ડસ્ટ્રીઝ – ગુજરાત સરકાર, એ હાજરી આપી કાર્યક્રમ ની શોભા વધારી હતી અને વિદ્યાર્થીઓને સ્ટાર્ટ-અપ ક્ષેત્રે પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ૧૭ જેટલી વિવિધ સ્પર્ધા માં સ્ટાર્ટ-અપ કોમ્પિટિશન, બિઝનેસ અને કોમ્પ્યુટર ક્વિઝ, મલ્ટીમીડિયા એનિમેશન, સોફ્ટવેર અને વેબ ડેવલપમેન્ટ, સ્ટોક માર્કેટ ગેમ, એડવર્ટાઈઝિંગ ગેમ ઉપરાંત ટ્રેઝર હન્ટ, ફેશન શો, રીલ મેકિંગ, ટી-શર્ટ અને ફેસ પેઈન્ટિંગ, ડાન્સીન્ગ, અંતાક્ષરી જેવી મનોરંજક સ્પર્ધા નું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલય ના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે ફેકલ્ટી અને વિદ્યાર્થીને માર્ગદર્શન આપ્યું હતું અને સફળતા પૂર્વક કાર્યક્રમ યોજવા માટે બિરદાવ્યા હતા. ઉદ્ઘાટન ના સમાપન માં સંસ્થા ના ડીન—ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ, ડોક્ટર ભાવિન પંડ્યા એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું કે ×નિષ્ફળતા ને સફળતા ના પગથિયાં તરીકે લો અને દ્રઢ નિશ્ચય સાથે પોતાના સપના સાકાર કરો."

## NOG સાહિત્ય સરિતા ગ્રુપ. વેલેન્ટાઈન ડે,વસંત પંચમી

**NOG.SS.NO:- 0088**

વિષય:- "વસંત પંચમી" પ્રેમની અભિવ્યક્તિ
વિષય:- પદ્ય
શીર્ષક:- કસુંબી પ્રેમભીની પંચમી
લેખિકા નામઃ- ડૉ. મનીષા વ્યાસ

વહેલી પરોઢે લાલ સિંદુરી,
સોનેરી ઉગતા સૂર્યે ગાતાં રાતાં,
પેલાં જો; સારસ બેલડી જેવાં,
સખી! ચાલને મદમાતાં ચાલીએ.

ગાઢ આલિંગે સહચર્યા સંગે,
પ્રેમનાં ચિહ્ન ઉઠયાં ગુલાબી અંગે,
પાંખ પસારી કરે ગોષ્ઠિ હેતે,
ચાલ આપણે એવાં સહચરીએ.

આભ ને સૂરજ બેઉં છે રાતાં;
લાગે છે એમના ઉજાગરા ભારી.
પડે પ્રણયબિંબ જળરાશીએ,
ચૌદિશ ઉગતી ઉષા રંગરાતી.

વસંત મહાલતી આવી દ્વારે,
વ્યાપી સૃષ્ટિમાં મદભરી જવાની,
ભર્યો પ્રકૃતિએ રંગ કસુંબી,
ભવ્ય પ્રણય રંગરાસ છે જામ્યો.

પ્રેમમાં થઈ રસભીનાં વ્હાલી,
ભરીએ ચાલ મદભરી રંગોળી.
તરબોળ લાગણીઓ સીંચી ને,
થોડાં વહાલપનાં બીજ વાવીએ.

ભેજીલી ભીની સોડમ ઉઠશે,
ઊગવાની રૂડી મૌસમ ખીલશે,
પ્રેમ પાંગળશે માવડી ખોળે,
લીલી હરિયાળી ધરા લહેરાશે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. -160**

વિષય : પ્રેમની અભિવ્યક્તિ
શિર્ષક : પ્રેમનો વરસાદ
પ્રકાર : પદ્ય ; શબ્દો : ૮૫
રચયિતાનું નામ : રશ્મિકા અમીન 'રશ્મિ'
રચના :

માટીના રણમાં પોલા પથ્થરની ખાંપ મહીં
ડોકિયું કરતાં કૂણાં બીજના કાપ મહીં
અજવાળાને આવકારતાં મીઠાં મધુરા સાદ મહીં
ફણગો ફૂટ્યો લીલો ધરાના ગુલાબી ગાલ મહીં
ધરતીની ભીતરે વરસાદ થયો લાગે છે...

શુષ્ક હતાં નયન ને રુષ્ટ હતાં શમણાં
જાજમની ભાતમાં શ્વેત શ્યામ બમણાં
અલગારી આગંતુક દ્રશ્યમાન થયો હમણાં
શ્વાસોની લયમાં અજાણ્યો ઢબ ક્ષણભરમાં
મનમાં પ્રેમનો વરસાદ થયો લાગે છે..
આ તે કેવું એકાએક લાગણીઓનું પૂર
આંખોમાં પ્રસર્યું ઘેરા તરંગોનું નૂર
ધબકાર થયા સૂરીલા સંગીતનું સૂર
તનમનમાં જાગી તાજગી ભરપૂર
મનમાં પ્રેમનો વરસાદ થયો લાગે છે...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**

વિષય : પ્રેમની અભિવ્યક્તિ
શીર્ષક : 'પ્રેમને અભિવ્યક્ત કરવાની સાચી રીત'
પ્રકાર : ગદ્ય-લેખ શબ્દઃ ૩૪૮
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

જ્યારે વેલેન્ટાઈન ડે ની ઉજવણી વિશ્વભરમાં થઈ રહી હશે ત્યારે અનેક પ્રકારે પ્રેમની અભિવ્યક્તિ થશે. એકબીજા પ્રત્યે પ્રેમ હોવો અને તેને વ્યક્ત કરવો અદભુત છે. પ્રેમ એ હેત અને લાગણીનું પ્રદર્શન છે. જરૂરી નથી કે પ્રેમ માત્ર યુવાનો કરે. પ્રેમને ઉંમર સાથે કંઈ લાગે વળગે નહીં. બીજી વ્યક્તિ જે આપણા જીવનમાં મોખરાનું સ્થાન ધરાવે છે અને પ્રેમની અનુભૂતિ થઈ રહી છે, તેમના પ્રત્યે પ્રેમ દર્શાવવાનો અને તેનો એકરાર કરવાનો આ ભવ્ય અવસર છે. તે વ્યકિત પ્રેમી કે પ્રેમિકા હોઈ શકે, માતા કે પિતા હોઈ શકે, ભાઈ કે બહેન હોઈ શકે, અરે! જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતો મિત્ર પણ હોઈ શકે. પ્રેમનું ઉચ્ચારણ થવું અને અભિવ્યક્ત થવું જરૂરી છે.

પ્રેમની અભિવ્યક્તિ કરવાના પ્રકાર જુદા જુદા હોઈ શકે. જૂની પેઢી અને નવી પેઢીની પ્રેમને અભિવ્યક્ત કરવાની રીત જુદી હોઈ શકે. જૂની પેઢી પોતાનો પ્રેમ વ્યક્ત કરવા માટે નાની નાની ચેષ્ટાઓનો ઉપયોગ કરતી હતી. એક નાનું ગુલાબ, હાથનો સ્પર્શ, ગમતી વ્યક્તિ સાથે એકાંતમાં સમય વિતાવવો, પોતાના જીવનમાં તે વ્યક્તિના સ્થાન માટે આભાર માનવો, નદી-તળાવકિનારે કે દરિયાકિનારે પ્રિય વ્યક્તિ સાથે લટાર મારવી, તેને બાથમાં લઈ પ્રેમ અને લાગણીનું આશ્વાસન આપવું વગેરે નાની નાની ચેષ્ટાઓ પ્રેમની અભિવ્યક્તિ પૂરી પાડતી હતી. જ્યારે આજની નવી પેઢીની પ્રેમને અભિવ્યક્ત કરવાની પદ્ધતિ માત્ર પ્રેમના ઉચ્ચારણ કે નાની નાની ચેષ્ટાઓ પૂરતી સીમિત નથી. આજના યુગમાં પ્રેમની અભિવ્યક્તિ કિંમતી ભેટ-સોગાદોની આપ-લે વગર પૂરી થતી નથી. પ્રેમની અભિવ્યકિત સાથે અપેક્ષાઓ જોડાઈ છે. પ્રેમની અભિવ્યક્તિ કરવાના અવસરનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે. નવી પેઢી તેમાં આંખ મીંચીને જોડાઈ રહી છે. પોતાની પ્રિય વ્યક્તિને એક સે બઢકર એક કિંમતી ભેટ-સોગાદોથી નવાજી પ્રેમની અભિવ્યક્તિ કરાય છે. આવી કિંમતી ભેટનો વ્યવહાર ન કરી શકનાર વ્યક્તિ લઘુતાગ્રંથિ અને ઉપેક્ષિત અનુભવે છે.

ખરેખર પ્રેમની અભિવ્યક્તિ આવી ભેટ સોગાદોની મહોતાજ નથી. બીજી વ્યક્તિ માટે માત્ર સાચા હૃદયથી કરેલું પ્રેમના બે શબ્દોનું ઉચ્ચારણ અને જીવનભર યાદ રહે તેવી નાની નાની ચેષ્ટાઓ પૂરતી છે. પ્રેમની અભિવ્યક્તિ બે વ્યક્તિ વચ્ચેના નાજુક લાગણીના સંબંધોને મજબૂત બનાવે છે અને જીવનભરનો આત્મવિશ્વાસ આપે છે. જ્યારે આર્થિક ભેટ-સોગાદો દ્વારા થયેલી પ્રેમની અભિવ્યક્તિથી સંબંધોનું આયુષ્ય ખૂબ ટૂંકું રહે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***

★વિષય : "પ્રેમની અભિવ્યક્તિ"★
★શીર્ષક : "નિરંતર નીતરતું વ્હાલ"★
★શબ્દ સંખ્યા : ૩૫૦★
★લેખકનું નામ : રસિકભાઈ વ પરમાર "રવ"★

યાર, ખૂબ સરસ! ગમી જાય તેવાં, 'ચોટદાર વાક્યો'; ક્યાંથી લાવો છો? મારા વાચકોના પ્રતિભાવમાં, હું જ્યારે કહું છું, કે "આપ જેવા સુજ્ઞજનોના સંવાદમાંથી."

ઓહ્ હો! શું વાત છે? અમોને યાદ કર્યા? આભાર! મિત્રો, સગાસબંધી, પરિવારજનો સાથે, મોબાઈલમાં મુક્ત મને વાત કરીને આનંદ માણું છું!

તું ચિંતા કરીશ નહિ. નોકરી નહિ મળે તો; આપણે નાનોમોટો ધંધો કરી લેશું, પગ પર ઊભા રહીશું. એટલી તાકાત તો આપણામાં છે. નાનોભાઈ નાનો ન્હોતો.
પ્રથમ પ્રયાસે સફળતા ના મળે તો; કંઈ નહિ! ગણીને સો સુધીના ઈન્ટરવ્યુની તૈયારી રાખ! છતાં પણ, તને યોગ્ય નોકરી, નહિ મળે તો; હું મોટોભાઈ બેઠો છું. ભાઈની હૈયાધારણ અદ્ભુત કામ કરી ગઈ.
પપ્પા, રુચિ પ્રમાણે શાકભાજી લાવજો. સૂચિમાં દર્શાવ્યું છે, તે બધું છે. વહેલા વહેલા આવજો, તમારી પસંદ પ્રમાણેની ચા, તૈયાર હશે. પુત્રવધૂની સૂચનાને લક્ષમાં લઈ, એમને ગમતી તરકારી લઈ વહેલો આવ્યો, ચા પીવા!
પિતાશ્રી, આજે હું ખુબ આનંદમાં છું. તમે મારું સ્વપ્ન સાકાર કરી આપ્યું. સંગીત વિશારદ પુત્રીને, પોતાની એકેડેમી શરૂ કરવા, દુકાન સોંપી. માલિકીહક્કથી, સંચાલકની ખુરશી પર બેસતાં એ ભાવવિભોર થઈ ગઈ.....

બીજી પુત્રી, એમ.બી.એ. પાસ છે. એક જગ્યાએ, અન્યોની સરખામણીએ એની પસંદગી, એમ.બી.એ. હોવાથી થઈ. તો તે ડિગ્રી કોર્સના પ્રોત્સાહન બદલ, ગદગદ થઈ રહી.....

લાંબો સમય રાહ જોવરાવ્યા પછી, પુત્રને, એને ગમતું મોંઘું બુલેટ ખરીદી લેવાની રજા આપી. બુલેટ લેવા મને સાથે લઈ ગયો. પસંદ કરેલું બુલેટ મને ભાવ્યું. મેં કહ્યું "કર કંકુના!" એ કહે ના. સૌ પ્રથમ તમે બેસો. હું બેઠો, બુલેટ ઘણું વજનદાર હતું. મારા કાબૂમાં માંડમાંડ રહ્યું. મેં કળાવા દીધું નહિ. મેં એને, બુલેટ પર બેસી, એક ચક્કર મારતો જોવાની; ઈચ્છા જણાવી. એ ચક્કર મારી રહ્યો, હું જોઈ રહ્યો!

મારા બંને પૌત્રોએ, એકે વેલણ અને બીજાએ વલોણી; હાથમાં લીધી. આજ તો દાદાને માલવા છે. ચેમ? તો કે, અમને મુતી તમ બજાલ જ્યા? અને હું માર ખાવાને તૈયાર થઈ ગયો.

જાઓ તમારી સાથે નથી બોલવું! પત્નીએ ઠપકાર્યો. શહેરમાં અજાણી જગ્યાએ જાઓ છો, ત્યારે ખબર કેમ આપતા નથી? તેના ગંભીર ચહેરા સામે જોઈ હું મૌન થઈ ગયો. બોલ્યો,,, "ગાંડી" -ને એ હળવી થઈ ગઈ!

"પ્રેમની અભિવ્યક્તિ" ના અલપ ઝલપ થોડા પ્રસંગ કહ્યા!

માતાપિતાની અભિવ્યક્તિ વર્ણવી શકવાનું મારું, સામર્થ્ય નથી. ભાષા પણ પાછી પડે.....!!!!!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0:**

: વિષય :- "પ્રેમની અભિવ્યક્તિ"
શિર્ષક :- પ્રેમ - એક મુક્તબંધન
પ્રકાર :- ગદ્ય - શબ્દ :- ૩૫૦
નામ :- પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ '

બે વિજાતીય દેહ વચ્ચે પ્રથમ શારીરિક આકર્ષણની ભાવના ઊભી થાય, વારંવાર
આભાર - નિહારીકા રવિયા જોવાનું, મળવાનું, વાત કરવાનું મન થાય એ જ પ્રેમ ? કે સામેવાળા પાત્રને યેનકેન પ્રકારેણ મેળવવાની તમન્ના ઊભી થાય એ જ પ્રેમ ? કે સમય જતા દૈહિક આકર્ષણની જગ્યા કેટલાક સંબંધોમાં દિવ્યતા તરફ દોરી જાય એ પ્રેમ ? માત્ર પ્રેમિકા અને પ્રિયતમ વચ્ચે જ પ્રેમ હોય ? માત્ર પત્ની અને પ્રિયવર વચ્ચે જ પ્રેમ હોય ? શું પ્રેમ કોઈ એક ચોક્કસ દાયરામાં સમાવિષ્ટ હોય ? શું પ્રેમ ચાર પાળ વચ્ચે બનેલા સરોવર સમ હોય ? શું પ્રેમની કોઇ સરહદ હોય ? શું જે અભિવ્યક્ત કરવામાં આવે એ જ પ્રેમ હોય ? શું સાચે જ પ્રેમને અભિવ્યક્તિની જરુરત પડે છે ? જવાબ છે "ના".
પ્રેમ તો અફાટ, અસીમ, અજોડ, અનોખી, અનંતકાલીન, અભૂતપૂર્વ આહ્લાદક, અવર્ણનીય, બેનમૂન અને ખળખળ વહેતા ઝરણાં જેવી શીતળ અનુભૂતિ માત્ર છે. જે કોઈપણ બે સજીવ વચ્ચે કોઈપણ સંબંધના ઋણાનુબંધનથી અસ્તિત્વમાં આવેલ સ્નેહસેતુ સમ છે. પ્રેમની અભિવ્યક્તિ ફક્ત વાચા દ્વારા જ નથી, એ ભાવ જેને વાચા નથી એવા અબોલ જીવોમાં પણ અનહદ પ્રેમ હોય છે. જરુર છે આપણે મહેસૂસ કરવાની.
પ્રેમ એટલે આશ્લેષ ? પ્રેમ એટલે ઐક્ય ? પ્રેમ એટલે પુષ્પ અને ભેટ સોગાદની લેવડદેવડ ? પ્રેમ એટલે પ્રજોત્પતિ ? પ્રેમ એટલે અધરપાન (ચુંબન) ?
પ્રેમ પાનખર સાથે પણ હોય, અને વસંત સાથે પણ. વિદેશી સંસ્કૃતિને અનુસરી આપણે પણ વેલેન્ટાઇન ડે ઉજવવાનો શરુ કર્યો. આમાંથી કેટલા સાહિત્યરસિકોને યાદ છે એ ૧૪.૨.૨૦૧૯ નો લોહીયાળ દિવસ ? ૨૫૦૦ સુરક્ષા જવાનોની અંદાજે ૭૦ જેટલી બસ-પુલવામા એટેક ટેન્ટથી લગભગ ૩૩ માઈલ દૂર-૪૦ જવાનોની શહીદી. દેશવાસીઓની અશ્રુભીની આંખો- શું આ 'પ્રેમ' નથી ? સલામ એ વીર શહીદ જવાનોને

આદરણીય હરકિશન મહેતાની નવલકથા લય-પ્રલય અને એના પાત્રોની યાદ આવી. જેમાં કથાનો નાયક કથાની મૂળનાયિકાને એટલે કે, ઓમકાર તાનિયાને કહે છે, મેં તને મેક્સવેલને ચુંબન કરતા જોયેલ. ત્યારે તાનિયા કહે છે, હા પણ મેં મેક્સવેલને નહીં, મેક્સવેલે મને ચુંબન કરેલું. દુનિયાના કોઈપણ ખૂણે હોવ, ભૌગોલિક અંતર ગમે તેટલું હોય, પ્રિયપાત્ર માટેની પ્રીતની શગ ઝળહળ થયા જ કરતી હોય છે.

ટૂંકમાં, પ્રેમની અભિવ્યક્તિ થવી જરુરી નથી, એક નાનો શો સ્પર્શ પણ પ્રેમની, કાળજીની પ્રતીતિ કરાવી જાય છે. જ્યાં દિવ્ય અને દૈવી પ્રેમ છે ત્યાં જ મુક્તબંધન છે. સાચી વાત ને મિત્રો ?

**NOG.SS.No.0098**

, વિષય :- પ્રેમની અભિવ્યક્તિ
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- પ્રેમ
નામઃ- લીના શર્મા..

તેમણે પણ પ્રેમ કર્યો છે ,
સાચું કહી દઉં શરીરથી દૂર
આત્માને જીવ્યો છે .
હા, તેમને પણ પ્રેમ કર્યું છે.

પેટની ભૂખ રોટલી થી બુઝે છે માનસિક ભૂખ પ્રેમથી મટે છે .
કોઈક નું પણ સાથ જ્યારે ખુશી આપે છે ,પ્રેમ ત્યાં જ ઘટિત થાય છે.

જ્યારે આપ રૂઠો છો ...કોઈ મનાવે છે ચુટકુલા સંભળાવીને હસાવે છે
ચોરી છૂપી થઈ ચહેરો વાંચે છે,
ધીમેથી કંઈક ગુનગુનાવે છે,
સાચું કહું આપણો દિલ છૂઈ જાય છે.

હસે છે,હસાવે છે
દર મોડ પર સાથ નિભાવે છે ,
તેમના દૂર થવાથી રડવું આવી જાય છે ,સાચું કહું પ્રેમ ત્યાં જ ઘટિત થઈ જાય છે. પ્રેમ ત્યાં જ ઘટી તો થઈ જાય છે.
હાલોલ.